


# ગુણાતીત જ્યોત

જાગ્રત દેહ સ્વરૂપમાં જોડાવું તેજ આત્યંતિક કલ્યાણ.



વર્ષ ૫૬, અંક : ૬, તા.૨૧મી જૂન, ૨૦૨૬, સંવત – ૨૦૮૨ નિજ જેઠ સુદ – ૭, રવિવાર
દર માસની ૨૧મીએ પ્રગટ થતું માસિક, વાર્ષિક ફી : રૂા.૧૦૦




તા.૨૮-૨૯ મે, ૨૦૨૬ : ગુરુહરિ પપ્પાજી મહારાજના શાશ્વત સ્મૃતિદિન નિમિત્તે મહાપૂજા અને પ્રાર્થનાભાવ અર્પણ...


















તા.૩૧મી મે, ૨૦૨૬ : ગુરુહરિ પપ્પાજી મહારાજના સાક્ષાત્કાર દિનની ઉજવણી...






સ્મૃતિ રસલ્હાણ અને પુષ્પવંદના...









ભાવવંદના...















માહાત્મ્યવંદના...












# ગુણાતીત જ્યોત

જાણરૂપ ઘર દરવાજામાં જોડાવું તેજ આત્યંતિક કલ્યાણ.






સંસ્થાપક : ગુરુહરિ પપ્પાજી મહારાજ   પ્રેરણામૂર્તિ : પ.પૂ.હંસાદીદી

## સ્વાધ્યાય સંદેશ

**પંચામૃત : ૪**   સંબંધવાળાની માહાત્મ્યેયુક્ત સેવા કરી લેવી.
– ગુરુહરિ પપ્પાજી મહારાજ



### શ્રીજી રસામૃત

'...જે જે સંસારમાં સારું-નરસું પદાર્થ હોય તે સર્વેમાં સરખી ભાવના રહે પણ સારા પદાર્થમાં પતંગિયાની પેઠે અંજાઈ જાય નહીં અને ભગવાન વિના બીજા કોઈ પદાર્થમાં લોભાય નહીં, એક ભગવાનની મૂર્તિમાં જ લોભાય. અને એવી રીતે જે વર્તતો હોય તે ભક્ત ગમે તેવા મોટા વિષય હોય તેમાં બંધાય નહીં...' (વચ.ગ.મ.૪)



### શ્રી અક્ષર બ્રહ્મરસ

કળિયુગમાં તપ થાય એવા દેહ નહીં માટે તપ કરવાનું લખ્યું નથી. કલૌ કીર્તનાત્, કીર્તન કર્યેથી પાપ બળે ને હાલતાં ચાલતાં સ્વામિનારાયણનું ભજન કર્યેથી પાપ બળી જાય છે. (સ્વામીની વાતુ પ્રક.૫ની ૨૪૮મી વાત)



### દિવ્યામૃત

કરોડ કામ ઠેલે ત્યારે ભજન થાય. તેવું કરોડગણું ભજન કરે ત્યારે જ્ઞાન થાય અને ત્યાર પછી ધ્યાન થાય. ધ્યાન એટલે મહિમાના વિચાર કરવા તે. (તા.૨૦.૪.૧૯૫૮)

## અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| સ્વાધ્યાય સંદેશ... | ૫ | પરમની આરાધના... | ૯ |
| પપ્પાજીની પરાવાણી... | ૭ | શાશ્વત સંકલ્પનો શક્તિ સ્રોત... | ૧૦ |
| શાશ્વત સંકલ્પ પર્વે... | ૮ | સત્સંગ સમાચાર... | ૧૨ થી... |



૧-૬-૧૯૯૧

સ્વામિશ્રીજી

ટે સાક્ષાત અક્ષરધામના
અક્ષરમુક્ત સ્વરૂપો -

You are all the greatest
because

૧ ભગવાન. આપણું આધ્યાત્મિક
જીવન ઘડે છે. તો: આપણે ભક્તિ ન

(૧) અખંડ બ્રહ્માનંદના મસ્તીને
આનંદ - પ્રાપ્તિનો કેફ રાખી - ફરજ
બજાવશો.

(૨) પંચામૃત આપણું જીવન બને

(૩) ગુરુભક્તિના દાસત્વપણાને
૨૧ મુદ્દા - ઇદં જીવન બને

(૪) સ્વામીની ૧ ભાગ ૨-૭૧૦ ની
છેલ્લી વાત - તથા જ્ઞાની
૧૭૦-૧૭૩ ની વાત સરળ બને

(૫) આપ ડાયરી ગ.મ.૨૩. ઈ ૧૬.મ૬૩
સિદ્ધ કરી અક્ષરમંદિર બની રહો
તેમ પ્રાર્થના ને આશીર્વાદ -

પપ્પા



## પપ્પાજીની પરાવાણી...

૧લી જૂન આપણા આખા ગુણાતીત સમાજ માટે મોટામાં મોટો પર્વ, શુભ દિવસ. સંબંધે કલ્યાણનો માર્ગ મહારાજે વહેતો રાખ્યો. મહારાજે કહ્યું છે કે, મારા દર્શન કરે, મારા સાધુનાં દર્શન કરે, ગુણ લે એ સૌનું કલ્યાણ. એ જ સંબંધયોગ અત્યારેય ચાલુ છે. આ સત્પુરુષોના સંબંધમાં ખપવાળા આવે કે ખપ વગરના, એ સૌનું કલ્યાણ કરી રહ્યાં છે. આપણી અવળાઈ હશે તો ખીજે ખીજે કરાવશે, પણ છોડશે નહીં. આપણે રાંક રહીશું તો તે સરળતાથી આગળ લેશે. એટલે ભગવાનમાં શ્રદ્ધા રાખો. જેટલા જેટલા સંબંધમાં આવ્યા છે એ બધા એકદમ નિશ્ચિંત રહો. બધા જ સ્વરૂપ બનવાના જ છે. બસ, જપયજ્ઞ કર્યા કરીએ. આ પ્રેક્ટીસ પડી જશે એટલે અખંડ આનંદના ફુવારા છૂટ્યા જ કરશે. આ સ્થાન સ્વભાવ, પ્રકૃતિને નિર્મૂળ કરવાનું છે. માટે પ્રસંગો આવશે પણ મહિમાથી પ્રભુને સંભારીને ભજન કર્યા કરીશું તો પાર પડી જઈશું.

દીદીએ ભજન બનાવ્યું છે ને કે,

પ્રસંગ તો આજ આવ્યો ને અબ જાશે,
પ્રસંગ તો કાલે જાતો રહેશે...

એટલે આ જાણી રાખીએ ને તેમાં ભળીએ નહીં તો સુખ આવ્યા વગર રહેશે નહીં. માટે નિશ્ચિંત રહેજો. જોગી મહારાજના સંકલ્પે આ જ્યોત સ્થપાઈ છે એટલે યાવત્ ચંદ્ર દિવાકરૌ આ સાધના મંદિર, ગુણાતીત જ્યોત રહેશે જ. સાથે સાથે સત્પુરુષનો જોગ પણ રહેવાનો છે. એનો કાળ પડવાનો નથી. એટલે હાય ! હાય ! અરેરે ! કરી મૂંઝાશો નહીં. બા-બેન, જ્યોતિબેન, તારાબેન, દીદી, દેવીબેન, જસુબેન, પદુબેન ઢગલાબંધ સદ્‌ગુરુઓ છે તેમને માનવા મંડજો. મોટાને નિર્દોષ માનો, સામે આવનારને નિર્દોષ માનો. જે વિરોધ કરે એને નિર્દોષ માનો. પરમ મિત્ર માનવાની ટેવ પાડી જ દઈએ. આ વર્તનમાં આવે તે માટે તમારા ગુરુની સ્મૃતિસહ સ્વામિનારાયણ મંત્રરટણ કર્યા જ કરીએ. બધાને પ્રગતિ કરતાં ચૈતન્ય માનીએ.

આ બધા સ્વરૂપો સાધના કરવા આવ્યા ત્યારે શીખીને નહોતા આવ્યા. પણ જોગી મહારાજને શું ગમે છે ? તેમ વર્ત્યા તો ગુણાતીતભાવને પામી ગયા. પોતાની રીતનું કરવાના હેવા મૂકાઈ ગયા. એટલે પછી 'સ્વ' રહે? ના રહે ને ! એટલે તમને ખાસ આગ્રહપૂર્વકની વિનંતી છે કે જ્ઞાનમાં પડશો જ નહીં, ચિત્તશુદ્ધિ ભજનથી કરવી છે. બસ નાના કે મોટા સૌ ભજન ને માહાત્મ્યેયુક્ત સેવા રાખે. એનાથી ચિત્તની શુદ્ધિ થઈ જશે. સ્વરૂપ થઈને ઊભા રહેશો. આપણે માનસિક ભૂમિકાના જ્ઞાનમાંથી છલાંગ મારવી છે. માનસિક જ્ઞાન ગણતરી ભૂલી જ જઈએ. કેવળ ભજનનો આશરો લઈએ તો ધડાકો બોલાવી દેવાય. ચારેય બાજુ આખું વાતાવરણ દિવ્ય દિવ્ય થઈ જાય. આપણું રુંવાડે રુંવાડું ગુરુ ને ગુરુહરિની સ્મૃતિસભર બની જાય. સ્થૂળ, સૂક્ષ્મ ને કારણના સગા ટળી જાય. આ કંઈ નાની પ્રાપ્તિ છે ! તો ભજનની ટેવ પાડી દઈ સદાયના સુખિયા થઈ જઈએ એ જ પ્રાર્થના ને આશીર્વાદ.

(તા. ૧.૬.૧૯૮૭)

# શાશ્વત સંકલ્પ પર્વ...

મનન ચિંતન નિદિધ્યાસ કરીને દિનેરાત શાશ્વતતાના રૂપ, ગુણ, શક્તિ, પરાશક્તિ, વ્યાપકતા, આવિર્ભાવની વૈચારિક ભૂમિકામાં રમમાણ રહેવાય છે. ૩૦ નવેમ્બર ૨૦૨૬ના શાશ્વત સંકલ્પ પર્વનો મહોત્સવ પધારી રહ્યો છે ! હરિઈચ્છાએ પૂ.સ્મૃતિબેન દવે રચિત ભજન 'અંતરનો પોકાર સુન...' તેમાં બીજી કડીમાં આવ્યું

'તું છે સ્વયં સહુનો ભગવન્
સર્વે શક્તિઓનો તું ધરતલ
સંકલ્પશુદ્ધિ કાજે આ નરતન (૨)
સૂર્ય સાધુતાનો કરવા સનાતન (૨)
માંડ્યો યગન તે કરવા સબળ (૨)
રુચિ રાખું હું ઉત્તમ...

શાશ્વત સ્વરૂપ શ્રીજી – યોગીજીના ગુણ વારસદારના પણ એ જ આધ્યાત્મિક ઉત્થાનનાં કાર્યો હોય ને ! શ્રી કૃષ્ણે પોતે એક આંગળીથી ગોવર્ધન પર્વત ઊંચક્યો હતો તેમ ગુરુહરિ પપ્પાજીએ સમગ્ર જગતમાં ૫૦% જેની સાકાર હાજરી હોવા છતાંયે તેની કિંમત ધૂળનાં મૂલે જ રહી હતી તેવી સ્ત્રી શક્તિની જાગૃતિ અને પ્રગતિનું નિશાન રાખીને – તેઓને પણ આધ્યાત્મિકતામાં વિશિષ્ટ ગૌરવશાળી પદ અપાવવાનું ભગીરથ કાર્ય ગુરુ આજ્ઞાથી શિરોમાન્ય કર્યું હતું. તે નારીને નારાયણી બનાવવાનો સંકલ્પ ધાર્યો ! 'બહેનો ભગવાન ભજે તો શું ખોટું ?' તે યોગીજીની આજ્ઞા ને સાથે સાથે 'બાબુભાઈ આ કામ તમારે કરવાનું છે' – તેમ કહી સ્પષ્ટ નિર્દેશ કર્યો – જીવનનું ધ્યેય – પ્રત્યક્ષ પ્રગટ કરવાનું મિષ આપી દીધું – કાર્ય હેતુ – તે આધ્યાત્મિક શક્તિ – 'શાસ્ત્રીજી મહારાજ તમારી સાથે હોય તો? કયું કામ અશક્ય હોઈ શકે ?' તેવો તેમનો શાશ્વત સંકલ્પ પ.પૂ.પપ્પાજીમાં રોપી દીધો – પૂ. જ્યોતિબેન, પૂ.તારાબેનનાં ચૈતન્યોનો તલસાટ અને જાગ્રત બનેલી આત્મશક્તિને ગુણાતીત ભાવમાં પ્રવર્તિત કરવાની જવાબદારી સોંપાઈ ગઈ !

એ જ વચન શ્રીજીએ ગ.છે. ૨૬માં લખ્યું છે – 'તેવા ગુણેયુક્ત બાઈઓની સેવા બાઈઓએ કરવી' તેવો દ્રઢ સંકલ્પ પપ્પાજીમાં જાગ્રત થઈ ગયો !

ને તે સંકલ્પની શાશ્વતતા આજે ઈ.સ.૧૯૫૨થી શરૂ થયેલી આધ્યાત્મિક કૂચ આજે ઈ.સ.૨૦૨૬માં પણ તેવી નિયમબદ્ધ સિદ્ધાંત અનુસાર અને શાસ્ત્રોક્ત પદ્ધતિથી શરૂ જ છે – ચાલુ જ છે. શ્રીજીનો સંકલ્પ યોગીજી દ્વારા પપ્પાજીમાં આવિર્ભાવ પામ્યો છે જે શાશ્વત સંકલ્પ બનીને ગુણાતીત નારી રત્નો ઘડી રહ્યો છે.

તા.૩૧.૮.૧૮૨૭ લખાયેલ વચનામૃતમાં મહારાજ કહે છે તેવા સોનાનાં દોરા જેવા અને વચ.ગ. મ. ૩૦ માં સોનું ને સ્ત્રી બંધન ન કર્યાનું – તેવા ગુરુહરિ પપ્પાજી નિષ્કામી, નિર્મલ ગુણાતીત હોઈને તેનો સંકલ્પ આજ સુધી વિશેષપણે વહ્યા જ કરે છે, વૃદ્ધિ પામ્યા જ કરે છે અને એ શાશ્વત સંકલ્પની પરાશક્તિથી નારીરત્નો વચ. ગ.છે. ૨૧માં લખ્યા પ્રમાણે સોનાના દોરાનું – ધર્મમાં ભક્તિ સરખી ગૌરવતાનું... પ્રમાણે છએ ઋતુમાં તે એક જ સ્થિતિમાં રહે છે.

કઈ છ ઋતુ ? માન, સ્વાદ, સ્નેહ, લોભ, કામ, અંહકારરૂપી જીવભાવની, દેહભાવની ઋતુ – સ્વભાવ – પ્રકૃતિ – માન્યતા – શાસ્ત્રોક્ત દ્રઢતા – સાધનનો ભાર – મનુષ્ય ભાવ – આ છએ ઋતુથી પર થઈને નરદેહધારી ગુણાતીત સત્પુરુષને સદા દિવ્ય સાકાર માની બ્રહ્મની શક્તિ પ્રેરક, પ્રવર્તક અને વ્યાપક તેવો નિત્યે અનુભવ કરીને સાધનાની સર્વે અવસ્થામાં 'મને મળ્યા છે તે દિવ્ય છે' તેવું દ્રઢપણે અનુભવે છે – ને માણે છે.

અને જ્યારે નારીશક્તિની વાત આવે ત્યારે ઉર્મિપ્રધાન– ભાવપ્રધાન– ભક્તિપ્રધાન અવસ્થાધારી વ્રતધારી સંત બહેનોની આપણે જો વાત કરીએ તો – આ વચનામૃતમાં લખ્યા પ્રમાણે ધર્મમાં પણ એટલે સ્વધર્મ – લૌકિક અલૌકિક કક્ષાઓ – કર્તવ્ય કર્મો અને વ્યવસ્થા આયોજનો – તેમાં પણ શ્રીજી મહારાજે લખ્યું છે કે ધર્મ ને ભક્તિ બેઉ એક જેવા ને જેટલા જ ગૌરવવંતા છે. તેવી સંત બહેનોને શાશ્વત પપ્પાજીએ ૮.૮.૬૪માં મહાપૂજા કરવાનો, ભક્તિ–પરાભક્તિ

કરવાનો આદેશ આપ્યો ને જે કર્તવ્યકર્મો છે તેને દિવ્ય શક્તિ – પ્રેરણા શક્તિ, પ્રાર્થનાથી પ્રસારે છે. નિર્મળ નિર્દોષ ગુણાતીત અવસ્થા ધારક સંત બહેનોને તૈયાર કરીને વ્રતધારી સાધક બહેનો બનાવી તેમાં કર્મયોગી અને ભક્તિયોગીરૂપે કાર્યાન્વિત કરી છે. આલોક તો છૂટ્યું, લોક, ભોગ, દેહ ને પક્ષ પણ ટળ્યા અને નિરંતર ગુણાતીતભાવમાં રહીને સર્વ કર્તાહર્તા શ્રીજી મહારાજ અને તેના પ્રત્યક્ષ વારસસ્વરૂપો છે તેવું નિરંતર માન્યું, અનુભવ્યું અને તેની આજ્ઞાને સારધાર પાળીને સેવા ભક્તિનો નિરંતરનો જીવનયજ્ઞ કર્યા કરીને ગુણાતીત સાધુ બનાવી દીધા.

એ સાધુતા જન્મોજનમ અને પળેપળ રહે છે. તેવી આત્યંતિક કલ્યાણને પોતે પામીને નારીઓને, અન્યોને તેવાં તૈયાર કરી રહ્યા છે. જેમાં સાધનમાં ભજન, પ્રાર્થના અને ગુરુહરિ પપ્પાજીનો શાશ્વત સંકલ્પ કાર્ય કરી રહ્યો છે જેથી પ્રત્યેક સાધક, જાગ્રત સાધક ખપ રાખીને, અંતર્યામી પ્રભુને માનીને સંકલ્પ, ભાવ ને ક્રિયા કેવળ તેમની પ્રસન્નતાર્થે કરીને અલૌકિક ભૂમિકાનાં ઐશ્વર્યોને ત્યાગીને સાધુતાનો સૂર્ય સનાતન કરી રહ્યા છે – સરળતા સાધુનો શણગાર છે પણ એ સરળતા કોની પાસે? પ્રભુની આજ્ઞામાં, ગુરુની રુચિમાં અને તેમાંથી પ્રગટતી અનુવૃત્તિમાં.

એવી પરમ ગુણાતીત અવસ્થાની સાધુતાનો સૂર્ય પ્રગટાવી દેનાર આપણા ગુરુહરિ પપ્પાજી ! પાંચ પાંચ પેઢીના વારસદાર તૈયાર કરી દીધા છે તે શાશ્વત સંકલ્પની સફળતા –સિદ્ધિ અને પરબ્રહ્મ તત્ત્વની હયાતિ ઉપસ્થિતિની ફલશ્રુતિ !

તેવાં શાશ્વત સંકલ્પ સ્વરૂપ પપ્પાજીએ ગુણાતીત સમાજમાં નારીરત્નોને તૈયાર કરીને પોતાનાં સત્ય સંકલ્પની શાશ્વતતા સાકાર કરી છે – પૃથ્વી પર તૈયાર કરી છે જે આજે નૂતન ચૈતન્યોને તૈયાર કરીને તેઓ ગુણાતીત સાધુતાના માર્ગે પ્રગતિ કરાવી રહ્યા છે. અને એ જ છે ને શાશ્વત સંકલ્પ ! ને એટલે જ એનો મહાઉત્સવ તે જ આપણું શ્વાસોશ્વાસે મનન – ચિંતન અને ભજન ! કેમ ખરું ને ! (પૂ.ડૉ.નીલમબેન)

## પરમની આરાધના

### ૨૫૫. નવા લેબાસમાં દર્શન દાન

ઈ.સ.૧૯૮૨ની ૨જી માર્ચે પપ્પાજી શ્વેત પહેરણ ને પાયજામો ધારણ કરી સવારે ૧૦ વાગે જ્યોતમાં દર્શન દેવા પધાર્યા. પપ્પાજીના આ નવા લેબાસમાં દર્શન ખૂબ ગમ્યા પણ એ વ્યક્ત કરવાની અત્યારે શક્તિ જ નહોતી કારણ આ બીમારીએ સૌના હૃદયને સ્તબ્ધ કરી દીધું હતું. પણ પપ્પાજી એટલા દયાળુ કે જાણે કંઈ બન્યું જ નથી એ રીતે કહે–મને જોગીમહારાજે બીમારી આપી આખા સમાજને આગળ લીધો છે. તમારા ભજનથી તબિયત એકદમ સરસ છે. કહી સહુને બીમારીનું દર્દ ભૂલાવવા માટે યત્ન કરતા.

બ્રહ્મજ્યોતિમાં રોજ સવારે પપ્પાજી ભાઈઓ સાથે બેસતા. ૧૦ થી ૧૧ જ્યોતમાં પધારતા. સાંજે બ્રહ્મજ્યોતિ કેમ્પસમાં આંટો મારી સવા સાતથી સવા આઠ ભાઈઓને ને ભક્તોને દર્શન, કથાવાર્તાનો લાભ આપતા. સભામાં પપ્પાજીની દિનચર્યાના અને તબિયતના સમાચાર ડૉ. નીલમબેન આપતાં. ક્યારેક તબિયત થોડી નરમ હોય ને નીલમબેન સમાચાર આપે તે પહેલાં જ મારી તબિયત તમારા ભજનથી સરસ છે. કહી વાતાવરણ હળવું કરતાં. પોતાને બહુ બોલવાનું ન હોવા છતાં પણ સહુની પ્રાર્થનાનો સ્વીકાર કર્યાનો પરભાવ બતાડતા ને પ્રાર્થના કરવાની શક્તિ આપતા.

તેમના સાંનિધ્યમાં કથાવાર્તા, ભજન કીર્તનના આયોજનથી લાગણીપૂર્ણ હૈયે સહુ પોતાને નડતા દોષોનો સ્વીકાર કરી વર્તવાની જાગ્રતતા સાથે એમના ચરણે પ્રાર્થના ધરતા. સુહૃદ સ્વરૂપ દીદીએ હોસ્પિટલમાં પપ્પાજી પાસે જે પ્રાર્થના કરી હતી એ જ પ્રાર્થના એક દિવસ જ્યોતમાં પપ્પાજી પાસે કરી કે, પપ્પાજી! તમે આવી બીમારી હવે ગ્રહણ ન કરશો... તમારે અમારા માટે ૯૦વર્ષ પૃથ્વી પર રહેવાનું છે, રહેશોને !!?? અને જોગીના સેવક સ્વરૂપ પપ્પાજીએ દિલથી આ પ્રાર્થના સ્વીકારી અને લખી આપ્યું કે – 'મહારાજ તમારી સેવા કરાવવા આ દેહને ૯૦ વર્ષ રાખશે.' દેહાતીત પ્રભુ પપ્પાજીએ અનેકવાર બીમારી ગ્રહી ને ભક્તોની પ્રાર્થના સ્વીકારી, '૯૦ વર્ષ પ્રભુ રાખશે' એવો દીદીને આપેલ કૉલ પૂરો કર્યો.

# શાશ્વત સંકલ્પનો શક્તિ સ્રોત...

કરોડો જન્મ ધારણ કરે તો પણ આ જીવ પરમ તત્વને પામી શકતો નથી કે નથી તો એને ઓળખી શકતો ! કારણ કે જીવ પોતે જ માયાથી બદ્ધ થયેલો છે. પણ જ્યારે એ જીવને કોઈ પુણ્યના પ્રતાપે ધરતી પર મનુષ્યનો દેહ મળે છે ત્યારે એ જીવ આ પૃથ્વી પર વિચરતા ભગવાન કાં તો ભગવાનના એવા એકાંતિક સંતની દ્રષ્ટિને પામે છે અને મુક્તદશાને માર્ગે ચાલતો થાય છે. પણ એ તાકાત જીવની પોતાની નથી. એ સામર્થ્ય એવા કોઈ ગુણાતીત સંત કે પરમ એકાંતિકની દ્રષ્ટિમાં છે. આપણા સૌ પર આવી જ કંઈક કૃપા થઈ ગઈ તો અક્ષર મુક્તની પદવીને પામ્યા છીએ ! તેમાં આપણી કોઈ જ આવડત, સિદ્ધિ કે બુદ્ધિ કામ નથી લાગતી. કેવળ ભગવાનની કૃપા સિવાય એમાં કઈ જ કામ લાગે તેવું નથી. ગુરુહરિ પપ્પાજી મહારાજના આ શાશ્વત સંકલ્પના સર્જન એવા અનંત મુક્તોના અહીં ઈતિહાસ રચાયા છે...

એવા તો કેટલાય મુક્તો બુદ્ધિથી પરનો વિશ્વાસ રાખી ગુણાતીત સ્વરૂપને સંપૂર્ણ સમર્પિત થઈને જીવ્યા, એટલું જ નહીં પરમ સ્થિતિને પામ્યાં. ખૂબ છૂપાં રહીને જીવ્યાં. અપેક્ષા, આકાંક્ષા કે કોઈપણ પ્રકારના આગ્રહ રહિતનું જીવ્યા. એવું એક અનમોલ પાત્ર કે જેનું ક્યારેય, કદીય, ક્યાંય નામ પણ નથી ગવાયું કે નથી ફેલાયું. એવા નિર્માની, નિષ્કામી, નિર્લોભી, મિતભાષી અને સદાબહાર સેવક બનીને, કેવળ ગુરુહરિ પપ્પાજી મહારાજના અંતેવાસી થઈને રહ્યા. એવા અજોડ દાસત્વનું સ્વરૂપ પૂ.જયંતીભાઈ દોશી. ધીર ગંભીર અને શાંત પ્રકૃતિ. એક સરખી કહેણી, કરણી અને રહેણી. આવા ભવ્ય ગુણાતીત સ્વરૂપની સેવામાં કાયમ, નિરંતર રહેવું ખૂબ કઠિન છે. પણ જાણે પપ્પાજી જ અક્ષરધામમાંથી પોતાની સાથે લઈને ન આવ્યા હોય ! ગુરુહરિની આજ્ઞાએ મુંબઈ છોડી વિદ્યાનગર આવ્યા. કોઈ પ્રશ્ન નહીં. સેવામાં જોડાઈ ગયા. અનેક પ્રકારની સેવાઓ... પોસ્ટ ઓફિસ, બેંક, મહેમાનોની સરભરા, 'પ્રભુકૃપા તીર્થધામ'ની જવાબદારી, જ્યોતની અનેક પ્રકારની સેવાઓ ઉપરાંત ગુરુહરિની અંગત સેવા તો ખરી જ. અને જ્યારે ગુરુહરિ યાદ કરે કે સાદ કરે ત્યારે તો હાજરાહજૂર. ગુરુહરિ પપ્પાજી મહારાજની નજર અને મરજી સમજીને પોતાનું તંત્ર વર્તાવે. કેવા કેવા પ્રશ્નો, કેવા કેવા પ્રસંગો આવ્યા હશે ! કેવા કેવા પાત્રો સામે કામ કરવાનું આવ્યું હશે ! પપ્પાજીની મુલાકાતે આવતા સ્વરૂપો જેવા કે કાકાજી, હરિપ્રસાદ સ્વામી, અક્ષરવિહારી સ્વામી, સાહેબજી, ગુરુજી જેવા અનેક સ્વરૂપો સાથે પણ કેવી દિવ્ય દ્રષ્ટિથી રહ્યા હશે! પપ્પાજીએ પણ કેવી કેવી પરીક્ષાઓ લીધી હશે! કદીય, ક્યારેય, કોઈએ પણ એમનો ઊંચો અવાજ સાંભળ્યો નથી ! તેઓ ખૂબ સમતાભરી સ્થિતિમાં રહી, નિર્દોષબુધ્ધિના રાહે, પપ્પાજી મહારાજના કાર્યમાં, એમની મરજીમાં અને એમના સંકલ્પ કાર્યમાં અંતિમ શ્વાસ સુધી સેવામાં અડીખમ રહ્યા. અને પપ્પાજીના સંકલ્પમાં પોતાના અસ્તિત્વને વિલીન કર્યું ! કેવા ભક્ત અને કેવા ભગવાન !

પપ્પાજીના શાશ્વત સંકલ્પના પ્રવાહમાં પોતાનું સર્વસ્વ અર્પણ થઈ જાય છે, સ્વભાવો છૂટતાં જાય છે, સમર્પણ થઈ જાય છે, અહમ્‌નું વિસર્જન થઈ જાય છે. શાશ્વત સ્વરૂપમાં વિલીન થઈ જવાય છે. અને પ્રાપ્તિની મોજમાં રહેતા થવાય છે.

શાશ્વત સંકલ્પ પર્વ નિમિત્તે પણ અંતરથી પ્રાર્થના વહી જાય છે... હે ગુરુહરિ પપ્પાજી મહારાજ ! આપના શાશ્વત સંકલ્પમાં અમારું સમગ્ર તંત્ર વપરાય, આપની ભક્તિરૂપ હોય એવા જ મન, કર્મ, વચનથી જીવીએ. આપના બળે, આપની રીતે અને આપની જ પ્રસન્નતા માટે સંપૂર્ણ જીવન વ્યતિત કરીએ એવા નિરંતર બળ, બુધ્ધિ ને પ્રેરણા આપતા જ રહો અને આપના શાશ્વત સંકલ્પના અમે પણ વાહક બનીએ તેવી અંતરની પ્રાર્થના.

(ગુણાતીત પ્રકાશ પૂ.પીયૂષભાઈ)

## સત્સંગ સમાચાર

## તા.૨૮.૫.૨૦૨૬ : ધ્યેય સિદ્ધિની ધખણા શિબિર...

૨૮મી મે ગુરુહરિ પપ્પાજી મહારાજને શાશ્વત થયા ને ૨૦ વર્ષ પૂરા થયા. આપણે સૌ ગુરુહરિ પપ્પાજી મહારાજનું કાર્ય છીએ. પ.પૂ.દીદી અને સ્વરૂપોએ શિબિરનું આયોજન કર્યું કે આપણે જે ધ્યેય માટે મંડ્યા છીએ તેની જીવનની હરપળમાં જાગ્રતતા રાખીને વર્તીએ. આ આયોજન મુજબ આવાહન શ્લોકથી સભાનો પ્રારંભ કર્યો. વ્રતધારી બહેનો અને ભાઈઓ તેમજ ગૃહસ્થોની સવાર-સાંજની સંયુક્ત શિબિરસભામાં 'ધ્યેય સિદ્ધિની ધખણા' પર સ્વરૂપોએ તેમજ સંત સ્વરૂપોએ ગુરુહરિ પપ્પાજી મહારાજને રાજી કરવા માટે આપણા જીવનનું ધ્યેય શું હોવું જોઈએ ? તે કેવી રીતે સિદ્ધ કરી શકાય ? તે અંગે માર્ગદર્શન આપ્યું તેનો સાર માણીએ.

**પ.પૂ. દયાબેન :** ૨૦મી તારીખે દીદીએ અમને બોલાવીને મિટિંગ કરી. દીદી સજળ નયને પૂજા કરતાં હતાં ને કહ્યું કે, ૨૮મીએ પપ્પાજી સ્વધામ પધાર્યા તેને ૨૦ વર્ષ પૂરાં થશે. ત્યારે કેવા સંકલ્પ કરેલા ? કેવા ગદ્‌ગદ્ હૈયા હતા ? તે સંકલ્પનું સરવૈયું કાઢીએ. જ્યારે દ્રષ્ટા સ્થપાયો ત્યારે તેમના થઈને જીવવાનું નક્કી કર્યું. ઘણું પામ્યા, પણ તેમના સંકલ્પ પ્રમાણેનું વર્તન નથી. શું ખૂટે છે તેનું સરવૈયું કાઢીએ. તેમણે આપણા માટે ઘણું બધું કર્યું. તેમણે કરેલા શ્રમ સામે નજર કરી અંતર્દ્રષ્ટિ કરીએ. ભગવાન ભજવા આવ્યા તો કેટલું પામ્યા? દરેક જગ્યાએ સ્વ મૂકી પ્રાર્થનાનો ઉપાય લેવાનો છે. આપણી ક્રિયા ભક્તિરૂપ કરતા થઈએ. તેમાં સ્ખલન આવે તો ભજનનું બળ લઈએ ને પપ્પાજીની વીશ પૂરી કરીએ.

**આશીર્દાન પ. પૂ. સોનાબા :** આપણને જે મળ્યા છે તે આપણા ચૈતન્યમાં વસેલા છે. એ આમ જોઈ રહ્યાં છે કે મને કેટલું સંભારો છો ? એવું ડરીને જીવો છો ? તેમને સંભારીશું તો ન નીકળે તેવા મરિયા નીકળી જશે. ગુણાતીત સ્વરૂપ પપ્પાજી મળ્યા છે તે આપણું બધું કાઢે ત્યારે રાજી રહીએ. આપણે ને ભગવાન એકાકાર રહીએ. શાથી કે આપણે પ્રત્યક્ષના છીએ. ભગવાન આપણી સાથે અખંડ છે. કોઈને વિશે ભાવફેર થાય તો થડકો થઈ જાય. હે મહારાજ ! મારે આ ન જોઈએ. બધા મારા પ્રત્યક્ષ પ્રભુના સંબંધવાળા છે. પેલી આવી ને તેવી કરશો જ નહીં. આટલી બધી કૃપા કરી છે તો અખંડ સ્વરૂપોના, મુક્તોના ગુણ ગાયા જ કરો. એમની સેવા મને મળી ! એ અહોહોભાવે કરીએ.

આ ભગવાન બહુ અળવીતરો આયો છે. એને કશું કહેવાય તેવું નથી. માટે તે જે કહે તે કર્યા કરો. મહિમાથી સેવા તો કરો જ. જગતમાં હોત તો કરતા જ હોત ને. તો સૌને સેવા કરવાનું, મહિમા ગાવાનું, ભજન કરવાનું બળ મળે એ જ પપ્પાજીને પ્રાર્થના.

**આશીર્દાન પ.પૂ. પદુબેન :** દીદીના અંતરની ધખણા છે કે આપણે પામી જઈએ. પપ્પાજીને હાશ કરીએ સોનાબાએ કેટલી સરસ વાત કરી !

ત્રણ ટેકનીક બતાવી

૧. ભગવાન સાથે જ છે તેવી બીક રાખીને જીવજો. પપ્પાજી મારી સાથે છે. રજેરજનું દર્શન છે.

૨. આવા અક્ષરમુક્તો સાથે રહેવા મળ્યું છે તો આવી તેવી કરવાનું મૂકી દઈ ગુણ જ ગાયા કરો.

૩. દેહથી થાય એટલી સેવા મહિમાથી કર્યા કરો. આ ૩ વાતો અમલમાં મૂકીએ. પપ્પાજીને કાલાવાલા કરીએ મારી રુચિ છે. ભૂલ થઈ ગઈ તમે બળ આપો.

દીદીને શું જોઈએ છે તેનો વિચાર કરીએ. સામામાં ભગવાન જોઈએ. રાંક તો બનવું જ પડશે. આપણું મૂકવું તો પડશે જ. જે કરીએ તે હળવા હૈયે કરીએ. મને ગમે, ફાવે તેવું કરું છું કે મારા પ્રાણાધાર રાજી થાય તેમ કરું છું? ખોટો ભાર લઈને નહીં પણ હળવાશથી કરીએ. પ્રાપ્તિનો આનંદ કર્યા કરીએ.

પપ્પાજી માણસની રીતે પણ વિચારીને જીવ્યા છે. સત્પુરુષની વાત અલગ છે. તેમના કોઈ કાર્યમાં ભૂલ ના કાઢી શકીએ તો દ્રષ્ટા તરીકે ભૂલ ક્યાંથી હોય ?

આપણને વ્રત આપવામાં ભૂલ ક્યાંથી હોય ? આપણા પર ભરોસો હતો એટલે આપ્યું. હું એમની છું તો એમની મરજી વગર કાંઈ કરી જ ન શકું. દોષ આપણા પર કેમ સવાર થઈ જાય ? હવે દીદીને છે કે આપણી પણ ઉંમર થાય છે. સેવા કરી શકાય તેવું નથી. સમય ઓછો છે. જે શબ્દ બોલીએ તે વિચારીને બોલીએ તેવા સભાન થઈ જઈએ. ભગવાનના બળે બધું થવાનું છે. હવે નાસીપાસ ના થઈએ. મોળી વાત મગજમાં ન ભરીએ. ભગવાનને જો સતત સાથે રાખીએ, સ્મૃતિ કરીએ મુક્તોના ગુણ વિચારીએ તો સરળતાથી થઈ જશે. દાસભાવે રહીએ તે સાચી મોટપ છે. આ છેલ્લી ભૂમિકા કૂદાવવા લાવ્યા છે. સમતાથી જુવો, મહિમાથી વાત કરો. સૌ સ્વરૂપોને પ્રાર્થના કે, પ્રાપ્તિનો અહોનિશ વિચાર રહે અને અમે સામાને બદલે અમારી ખબર રાખતા થઈ જઈએ.

**ગુણાતીત પ્રકાશ પૂ. હેમંતભાઈ :** આજનો દિવસ અધિક જેઠ દ્વાદશી – શુભ દિન છે. આ દિવસે જે કાર્યો શરૂ કરવામાં આવે તે સંપન્ન થાય જ. પંચાંગ પ્રમાણે આજના દિવસે કંઈ પણ લઈ મંડવાનું નક્કી કરીશું તેમાં બધી ઉર્જા ભળશે ને વેગવંતી બનશે...

પોતાના જીવનના અનેક અનુભવ અને સ્મૃતિમાં તરબોળ કર્યા. જેમાં મુખ્ય કે, રોજ ૧૫ મિનિટ પોતાના આત્મામાં પપ્પાજીની સ્મૃતિ ના કરીએ તો એ આપણી સાથે ન રહે. હું મારા જીવનની પપ્પાજીની સ્મૃતિની વાત કરીશ. મારી ૧૮ વર્ષની ઉંમરે મેં સભા સંચાલન કર્યું ત્યારે પપ્પાજીની પ્રથમ દ્રષ્ટિ મારા પર પડી. જો એમની આપણા પર દ્રષ્ટિ હોય, અને જેમ કહે તેમ કર્યા કરીએ તો પપ્પાજી આપવામાં કાંઈ બાકી નથી રાખતા. જપયજ્ઞ, પપ્પાજીની સ્મૃતિ કર્યા કરીએ તો કશું જ કરવાનું નથી રહેતું. આપણા વિચાર, વાણી, વર્તનમાં પપ્પાજી રાજી થાય તે વગર કાંઈ ન હોવું જોઈએ. દીદીની અમારી પાસે આશા છે કે, પ્રભાવ એવો હોય કે તમે ભગવાનધારક છો. તો અમે આદર્શ જીવન જીવીને તમારી સાથે જોડાયેલા રહીશું. સર્વે ક્રિયા પપ્પાજી, તમારા વગરની ના હોય અમે ભૂલકું છીએ તો તમે જ કરાવી આપજો.

**આશીર્દાન પ. પૂ. દીદી :** કોઈ દિવસ સત્પુરુષનું કાર્ય સમયમાં માપી ન શકાય. શાસ્ત્રીજી મહારાજે નાથાભાઈને બે દીકરાના આશીર્વાદ આપેલા. પાર્ટીશન થયું ત્યારે જોગીમહારાજે એ પપ્પાજી, કાકાજીની ભેટ આપણને આપી. બહેનોને ક્યાં રાખીશું તે વાત હતી તો બાપા કહે, ના તમારા પ્લોટમાં કરીએ. આપણે બેઠા છીએ તે જમીન પપ્પાજી, કાકાજીની છે.

૩૬ વર્ષના પપ્પાજીને બહેનોનું કાર્ય બાપાએ સોંપ્યું. તો પપ્પાજી કેવું મોટું સ્વરૂપ હશે ! આજે ૨૮મી મે. જોગીબાપાએ બ્રહ્મસમાજની સ્થાપના કરવાની હતી ને તેમનું સ્વરૂપ બધાને ઓળખાય. આપણી ગુણાતીત જ્યોત સંસ્થાની સ્થાપના થઈ પછી વિમુખ પ્રકરણ કર્યું. અમને એમ થતું હતું કે આપણને પ્રાપ્તિ કોણ કરાવશે? પણ બાપાએ પપ્પાજી–કાકાજીની ભેટ આપી.

પપ્પાજી સ્વધામ ગયા તેને ૨૦ વર્ષ થયા. પપ્પાજીની વીશ પૂરી કરવી છે. એકબીજામાં ભગવાન જોઈએ તો ભગવાન ધારતા થવાય. સ્મૃતિનું સુખ છે. પણ વચન પાલનમાં પ્રાપ્તિ છે. પોતાની રીતે નહીં ભગવાનના બળે મારા વિચાર, વાણી, વર્તનમાં ભગવાન હોવા જોઈએ. આપણે એવા હોઈએ કે સામાને એમ થાય કે આ ભગવાનનું કાર્ય કરતાં મુક્તો છે. આપણે નસીબદાર છીએ કે પપ્પાજીની ભેટ મળી તો આપણે પામી શક્યા. આપણે પોતે આપણા જીવનનું ધ્યેય નક્કી કર્યું છે તો વહેલી તકે સિદ્ધ કરી જ લેવું છે.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજી મહારાજ :** ભગવાન ને સંતને ઓળખ્યા વચ.ગ.મ.૨૧. એટલે દ્રષ્ટા સ્થપાયો. જે વચનામૃત સિદ્ધ કરવું હોય તે થાય તેવા સંજોગો શાસ્ત્રીજી મહારાજ, જોગી મહારાજે ઊભા કર્યા. આપણે દ્રષ્ટાવાળા છીએ તોય સ્વધર્મ ચૂકીએ કે અભાવ લઈએ તો આપણે અક્ષરધામમાં નથી. જે સંબંધમાં આવ્યો તે માર્ગે પડ્યો છે તેમ માનીએ. મહારાજ ને એકાંતિકનો સંકલ્પ તેનામાં કામ કરશે. ઘણાય એવા કૃપાવાળા છે. એટલે સંબંધવાળાને સ્વરૂપ માનીએ. તેના વિચાર, વાણી, વર્તન તમને ન ગમે તે તમારો દેહભાવ છે. તેની સેવા તમારા ગુરુ

જેવી કરી લ્યો. ભલે ભીડો પડે પણ અક્ષરધામનું સુખ મળતું થઈ જશે. અમે જોગી મહારાજના સંબંધવાળાની સ્વધર્મેયુક્ત સેવા કરી લીધી તો જોગી મહારાજ રાજી થઈ ગયા. ને અક્ષરધામની સમાધિનું સુખ લેતા થઈ ગયા. માટે સૌને જોગી મહારાજનું, પપ્પાનું સ્વરૂપ માની સેવા કરી લઈએ. મહારાજ કેમ ચાલવા દેતા હશે ? એવું થાય તે અંતરાય છે. અનુપમ ૫, ૬, ૭ વાંચજો ને મનન –ચિંતન કરજો. કથાવાર્તામાં કદાચ ના બેસાય પણ જાતે મનન–ચિંતન કરીએ તો સોલીડ થઈ જાય વચ. મ. ૨૮માં અક્ષરધામની રીત બતાવી છે. તે વાંચીને, વિચારીને અક્ષરધામનું સુખ લેતા થવું જ છે.

**સાંજની સભા**

**ગુણાતીત પ્રકાશ પૂ. બાબુભાઈ :** આપણે સૌ પ્રથમ સ્કૂલમાં દાખલ થઈએ ત્યારે કંઈ આવડતું ન હોય ને ધીમે ધીમે શીખવે. તેમ નાના હતા ત્યારે સભામાં જઈએ એટલે સ્વામીની વાત શીખવે – કરોડ કામ બગાડી ને એક મોક્ષ સુધારવો. ત્યારે તો કંઈ સમજતા નહોતા. પણ થયું કે આ સ્વરૂપો રાજી થાય તેમ કરવું.

પપ્પાજીએ ગુણાતીત જ્ઞાનના નવનીતમાં આપ્યું કે કોઈનું જોવું નહીં. અત્યારે કોઈની ક્રિયાના કાજી થવું નથી ગમતું. આપણે થાય તો ભજન કરીએ. જેથી આપણને બળ મળે ને કોઈનો અભાવ ન આવે. આ બધું જીવમાં સાકાર કરવા માટે મોટા પુરુષ પાસે બે હાથ જોડીને કહે તેમ કરીએ તો સાધના ઈઝી થઈ જાય છે. આપણે કાંઈ કરવાનું નથી રહેતું. પપ્પાજીના ચરણે પ્રાર્થના છે કે નાની મોટી કસર છે તે દૂર થાય ને તે માટે જાગ્રતતા રાખીએ.

આપણા તંત્રમાં કોઈ વિચાર ઉઠે ત્યાં પપ્પાજી, દીદીને પ્રાર્થના કરીને બળ માગીએ તો એ સૂઝ પાડી દેશે. આટલે સુધી કૃપામાં લાવ્યા છે ને કૃપામાં જ લઈ જશે. પપ્પાજી કહે છે કે કૃપાએ પ્રાપ્તિ થશે. પણ એમનામાં જ રહીએ બીજે જતા ન રહીએ એટલે પ્રસંગો ગોઠવતા હોય છે. આપણે એનું કાર્ય થઈને રહીએ તે ધ્યેય રાખીએ. એમના સ્વરૂપો જે આજ્ઞા આપે તે પ્રમાણે મંડીશું તો સાકાર થઈ જશે. જાગ્રતતા રાખવા માટે પપ્પાજી અને સ્વરૂપો બળ આપે એ જ એમના ચરણે પ્રાર્થના.

**ગુણાતીત પ્રકાશ પૂ.વિરેનભાઈ :** ખરેખર ધખણા લઈને તો દીદી મંડ્યા છે. જુદી જુદી રીતે પપ્પાજીનું કાર્ય બનાવવા માટે મંડ્યા છે. થોડા વખત પહેલા મેં કોઈ વ્યક્તિ માટેના મારા અભિપ્રાય દીદીને કહ્યા. થોડા વખત પછી દીદી મને ફોન પર કહે હવે આ વાત નથી વિચારવી. મારાથી પણ હા પડી ગઈ. આપણે મનને કહીએ ને સ્ટોપ ન થાય પણ એમણે ભજન કર્યું હશે, મારું મન તૈયાર કર્યું હશે તો મને ય મનાઈ ગયું. અંદરથી કાઢી શકે એવા ભવ્ય સ્વરૂપોની આપણને પ્રાપ્તિ થઈ છે. એ બહુ મોટી વાત છે.

જ્યાં જઈએ, રહીએ છીએ ત્યાં પપ્પાજી પ્રસંગો ગોઠવી પ્રાર્થના કરતા કરે જ છે. તો હે પપ્પાજી ! અમારા સ્વભાવ, પ્રકૃતિ મૂકીને જે મોજમાં મૂક્યું છે તે અમે માણી શકીએ તે જ પ્રાર્થના.

**પ.પૂ. માયાબેન :** ૨૦ વર્ષમાં પપ્પાજીએ ઘણું બધું આપણું કાર્ય કર્યું છે. એમની ગરિમા આપણી સાથે છે. સર્વોપરી સમ્રાટ આપણો બાપ છે. તેનું માહાત્મ્ય સમજીએ. તે સમજવા સંજીવની મંત્ર આપ્યો. ખરેખર આપણે કંઈ કરવાનું નથી. જે કંઈ કરવાનું મન થાય છે તેનો જ ભાર રહે છે. બધા જ લોક બતાડ્યા છે પણ પોતે સાથે રહીને સાધના કરાવી છે. એમના સંતોનો સમાગમ આપ્યો છે. તે કહે તેમ કરી લેવાનું, તેમાં આપણે આઘાપાછા થઈએ છીએ. બધું એ એના બળે કરાવશે. અશક્ય કોઈ વાત નથી. સમર્થ પપ્પાજી મળ્યા છે. ફક્ત એમનામાં જ રહેવાનું છે. એ સિવાય જે કંઈ કરવાનું મન થાય તે નિર્મૂળ કરવાનું કાર્ય પપ્પાજી કરે છે. સુખે સુખે કરવા માટે એનું બળ, આધાર ને આશરો રાખવો છે. આપણું નિશાન એક પ્રભુ જ રાખીએ. પપ્પાજીમાં અકલ્પ્ય સામર્થ્ય છે, એમના બળે કરવું અશક્ય નથી. જોગી મહારાજે ટોકણી માગી કારણ તેમાં જ પ્રાપ્તિ છે. તેમાં જ બદલાઈએ છીએ. એમાં આપણે ભગવાન જોઈને પસાર થઈ જવું છે. નામ, રૂપ, આકાર નથી જોવા. મારે કરવું હશે તો હું કરી શકીશ.

પપ્પાજી વગર બીજે નજર જાય એ જ ખોટ છે. સૌને ય જાગ્રતતાભર્યું જીવન જીવવાનું બળ આપે એ જ એમના ચરણોમાં પ્રાર્થના.

**પ.પૂ. શોભનાબેન :** પપ્પાજીએ કેવો દિવ્ય સંકલ્પ આપણા ચૈતન્ય માટે કર્યો ને સુખ લેતા કર્યા! દીદીના રુંવાડે રુંવાડે પપ્પાજી છે. પપ્પાજીને જે કરાવવું હતું તે કેટલું થયું? બીજા માટે તો ભગવાનની દ્રષ્ટિ રાખવાની હોય પણ મેં કેટલું પચાવ્યું? એમને જે પરિણામ જોઈએ છે તે માટે મારે શું કરવાનું છે? ખરેખર બહુ નસીબદાર. પપ્પાજી તો આવ્યા પણ એમના ધારક સ્વરૂપોને લઈને આવ્યા, જેથી પપ્પાજીનું સ્વરૂપ ઓળખી શકીએ.

ગુણાતીતભાવને પામવાની સૌ કોઈની સાધના થઈ રહી છે. એ સાધનામાં અભાવ, અવગુણથી દઝાઈ ન જઈએ, દૈવત ધોવાઈ ન જાય તેવું જતન કરનાર આ સ્વરૂપો છે. સાથે રહીને સાધના કરાવી શકે, દોષથી હળવા કરી શકે તેવા સમર્થ પપ્પાજી છે. આપણા દોષનો ભાર નથી પણ એ રહેવા પણ નહીં દે. આપણે સુખે સુખે સાધના કરીએ તેવું જોગીબાપા પાસે માગ્યું. પપ્પાજીએ એક વાત આપણી પાસે માગી. તે છે વફાદારી. જેથી બીજા પ્રારબ્ધ ઊભા ના થાય. આપણો શ્વાસોશ્વાસ એના વગર ન હોય. એમનાથી ભીંજાયેલા રહીએ. પ્રભુની છું ને એમને લઈને જ બધું કરવાનું છે. આ સમે આ જોગમાં કરી લો. તમે ભગવાનના છો એનું સુખ લો તેવું દીદીને છે. અમે પણ સેવા, સમાગમ કરતા રહીએ, પપ્પાજીથી ભીંજાયેલા રહીએ ને વીજળીના ઝબકારામાં મોતી પરોવીને કરી લઈએ તેવી પપ્પાજી, સ્વરૂપોને ચરણો પ્રાર્થના.

**પૂ. નરેનભાઈ ઠકરાર, વિદ્યાનગર :** પપ્પાજીએ ખૂબ લાભ આપ્યો છે. પપ્પાજી લંડન હોય ત્યારે દરરોજ એમનો ફોન મને આવે. એ વખતે મારા પર મોટો કેસ થયો. શાંતિભાઈએ પપ્પાજીની મૂર્તિ દેખાડી ને કહે આ આપણને બચાવશે ને ખરેખર ૧૧ મહિના પછી કેસ પૂરો થઈ ગયો. અશક્ય વાત શક્ય બની. દર ગુરૂવારે પપ્પાજી ઘરે આવતા ને વાતો કરતા. મને પપ્પાજીની પ્રાપ્તિનો કેફ એવો ને એવો જ રહે તેવી પ્રાર્થના.

**આશીર્દાન પ. પૂ. પદુબેન :** પ્રેક્ટીકલ જીવનમાં માહાત્મ્ય ને સ્વધર્મ રાખીએ. બંને અસાધારણ રાખવાના છે. પપ્પાજીએ જીવીને બતાવ્યું. પપ્પાજી એ જ્યારે જે જે કમિટી બનાવી તેમાં પોતે સજેશન મૂકે બધાને મત આપવાની છૂટ. છેલ્લે એમના સંકલ્પ, સામર્થીએ ધાર્યું એમનું જ થયું હોય. જેટલું કરીશું તેટલું પામીશું. આપણે ઘણું પામવાનું બાકી છે. તે માટે સદાય જાગૃત રહીએ. ગુણાતીતભાવ કોઈ ભક્તિની લાયકાત પર નથી. સામામાં ભગવાન જોવાની દ્રષ્ટિ કેળવીશું તેટલી સાધના સરળ બનતી જશે. છેક સુધી નાનામાં નાના રહીશું, હળમળીને જીવવાની, સેવા કરવાની ગરજ રાખીશું તો ગુણાતીતભાવ આપોઆપ આવશે. પપ્પાજી ઓળખાય તેવા નથી. તેમના મહિમાના વિચાર અંતરમાં ચાલુ જ રહે ને આપણામાં આધ્યાત્મિકતા પ્રગટી જાય તેવી પ્રાર્થના.

**આશીર્દાન પ. પૂ. બેન :** આજે ૧લી જૂન. પપ્પાજીનો સાક્ષાત્કાર દિન. જોગીબાપા મળ્યા ત્યારથી જોગીના થઈને જીવે છે. એક જોગીની દાસત્વભક્તિ ડગલે પગલે. શ્વાસે શ્વાસે જોગી સિવાય કોઈ નથી. આ યોગીબાપા એમનામાં જ છે. એકવાર પરબ્રહ્મ તત્વ પ્રગટ થયા પછી જતુ નથી. મોટા પુરુષ ઓળખાયા પછી કાંઈ કરવાનું રહેતું નથી. પપ્પાજી ઘણીવાર કહે છે કે, આત્મા ને પરમાત્મા બે જ વસ્તુ છે. આ ફેરે જન્મમરણનો એન્ડ આવી ગયો. આ સ્વરૂપ ઓળખાઈ ગયું. પપ્પાજી જેવું અદ્‌ભુત સ્વરૂપ મળ્યું છે. જેવા માનીએ તેવા થઈ જઈએ. ખરેખર આપણા હૃદયમાંથી મોહમાયા ખંખેરી કાઢ્યા. જગત ખેરવી નાખ્યું.

પપ્પાજી ચૈતન્યનું શુદ્ધિકરણ કરી પરબ્રહ્મ તત્વને ધારતા કરી રહ્યા છે. આપણામાં જે કંઈ હતું તે ટાળતા ગયા. હવે એ કહે છે કોઈનું જોવું નહીં. આ વસ્તુ નેવાના પાણી મોંભે ચડાવવા જેવી છે. હું ટળ્યા વિના હરિ ઢૂકડા થાય નહીં. પપ્પાજીને રાજી કરવા હોય તો મુક્તોનું જોશો નહીં. સિદ્ધાંત ન પાળીએ તો દૈવત ન આવે. માટે કોઈના દોષ જોવા નહીં. ૧૯૬૩થી પપ્પાજીનો

અનુભવ છે. કોઈનું જોયું હોય ને કહેવા જઈએ તો શાંતિ લેવા ગયા હોય ને અશાંતિ લઈને આવીએ માટે કોઈનુંય જોવું નથી.

શાસ્ત્રી મહારાજે, યોગી મહારાજે આટલા દાખડા કર્યા. ૪૦૦ બહેનો ભેગા રહીએ તે પપ્પાજીનું સામર્થ્ય છે. એકબીજાના સ્વભાવ, હઠ, માન, ઈર્ષા ખમવા તે બહુ અઘરી વાત છે. આપણે જે કંઈ કરીએ તે પપ્પાજીને રાજી કરવા કરીએ. મનમુખી ન કરીએ ગુરુમુખી કરીએ. હે પપ્પાજી ! આ સમાજ તમારો છે તેમને અક્ષરધામના અધિકારી બનાવજો, રૂડો યોગ આપજો તે જ પ્રાર્થના.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજી મહારાજ :** જોગીમય થઈને જીવીએ છીએ. ભગવાન ધારતા થઈ જવું છે. એની બંસરી બનીને રહીએ. જાગ્રતતા, જાણપણું રાખીને પંચામૃત પ્રમાણે જીવવાનું. તમારા વગરના બધાને પ્રગતિ કરતા ચૈતન્યો માનો જ. કાળ, કર્મ, માયાનો કાયદો ચાલતો નથી. સંબંધે સ્વરૂપ માનો. બધાય શુદ્ધ ચૈતન્યબ્રહ્મ થઈ રહ્યા છે.

મહારાજનો સિદ્ધાંત હતો કે અક્ષરધામ અહીં જ છે. બધા જ પ્રગતિ કરી રહ્યા છે. પોતાને માટે સાધુની દ્રષ્ટિ બીજા માટે મહારાજની દ્રષ્ટિ રાખી માહાત્મ્યેયુક્ત સેવા કરીને પંચામૃત પ્રમાણે જીવતા થઈ જઈએ.

## તા.૨૯.૫.૨૦૨૬ : ગુરુહરિ પપ્પાજી મહારાજના શાશ્વત સ્મૃતિદિન નિમિત્તે મહાપૂજા...

તા.૨૯.૫.૨૦૨૬ના સવારે ૧૦ વાગ્યે ગુરુહરિ પપ્પાજી મહારાજની દિવ્ય સંનિધિ અને પ.પૂ.દીદી તેમજ સ્વરૂપોના સાંનિધ્યે ગુરુહરિ પપ્પાજી મહારાજના ૨૦મા શાશ્વત સ્મૃતિપર્વે ગુરુહરિ પપ્પાજી મહારાજનું કાર્ય બની રહીએ અને તેમના શાશ્વત સંકલ્પની ગરિમાને વધારતા રહીએ તેવા પ્રાર્થનાભાવ સાથે ગુણાતીત પ્રકાશ પૂ.ઈલેશભાઈ અને પૂ.હરીશભાઈ ઠક્કરે મહાપૂજા કરી. મહાપૂજામાં સંકલ્પ, પ્રાર્થના, ધૂન, થાળ, આરતી ગુણાતીત પ્રકાશ પૂ.ઈલેશભાઈએ કરાવ્યા. ને મુક્તોએ ગુરુહરિ પપ્પાજી મહારાજના માહાત્મ્યમાં તરબોળ કર્યા અને સ્વરૂપોના આશિષ લીધા તેનો સાર માણીએ.

**ગુણાતીત પ્રકાશ પૂ.પીયૂષભાઈ :** ૨૮મી મેના દિવસની સ્મૃતિ કરીએ તો કેવું વાતાવરણ હતું ! પપ્પાજી પાર્થિવ શરીરને પાલખીમાં તીર્થ પર લઈ ગયા. ઠેર ઠેર એમને પુષ્પહાર અર્પણ થયા. આખો ગુણાતીત સમાજ તીર્થ પર હાજર હતો ને એમને વિદાય આપી. બહુ જ નાનકડો આપણો સમાજ છે પણ અજોડ ને અદ્વિતીય છે. આપણા એક એકના ચૈતન્યમાં એમણે જે કામ કર્યું છે એનો અનુભવ બધાના અંતર, મન, પ્રાણ કરે છે. આવા દિવ્ય, શાશ્વત સત્પુરુષ આપણને મળ્યા ! કેવું સુંદર નામ દીદીએ આપ્યું છે શાશ્વત - મતલબ હતા, છે ને અનંત કાળ સુધી છે જ. પ્રત્યક્ષ છે આપણી સાથે છે જ. ૨૦ વર્ષમાં આપણને અનુભવ કરાવ્યા છે ને કરાવી રહ્યા છે. જ્યાં જેને જેવી જરૂર છે ત્યાં એવા પ્રસંગો ઊભા કરીને જ્યાં અટકીએ છીએ ત્યાંથી પપ્પાજી મહારાજ તેમના સંકલ્પે આગળ લઈ રહ્યા છે.

પપ્પાજીએ આપેલા આધ્યાત્મિક શબ્દો પણ કેટલા અજોડ ને અદ્વિતીય છે ! 'પ્રગતિ કરતા ચૈતન્યો' મતલબ કે બધા પ્રગતિ જ કરે છે. અટકેલું કોઈ નથી. કોઈ મુક્તને કોઈપણ પરિસ્થિતિમાં જોઈએ તો તે કાલે હતા તેવા આજે નહીં હોય. નિરંતર અક્ષરધામના સુખ પ્રતિ, પપ્પાજી પ્રતિ બધાની પ્રગતિ સરસ થઈ રહી છે. એટલે આપણે નસીબદાર છીએ.

પ્રારંભ સમયના ભજનો સાંભળીએ ત્યારે એમ થાય કે પપ્પાજીનું કેવું યુગકાર્ય છે ! સમાજને, દુનિયાને બતાવી શકાય તેવું નથી. આત્માની અનુભૂતિ છે. કેવા ઉત્તમ ભજનો છે ! નિરંતર આપણા આત્મા તરફ, પોતા તરફ દ્રષ્ટિ રાખીને જીવવાનું બળ પપ્પાજી અને સ્વરૂપો આપે છે. પ્રાપ્તિનો વિચાર કરીએ તો મૂંઝાવાનો કોઈ અધિકાર જ નથી. જ્યાં છીએ ત્યાંથી આગળ જવું છે. પ્રસંગો ઊભા કરીને બધાને આગળ લઈ જઈ રહ્યા છે. અહીં લૌકિક આનંદ નથી પણ સાચી આધ્યાત્મિક્તા છે.

સ્વભાવ મૂકવા કેટલા અઘરા છે. તે સહજતાથી અનંત જન્મોનું ધોવાય છે. એ અનુભૂતિમાં નિરંતર રહીએ.

હે પપ્પાજી મહારાજ ! તમે શાશ્વત છો ને અમારી પ્રાર્થના સાંભળો છો. હવે અમારા મનથી જુદા પડીને તમે જે સિદ્ધાંત આપ્યો છે તેનું રસપાન કરી અમારા જીવનમાં ઉતારીએ. અમારા સૌના વિચાર, વાણી, વર્તન કેવળ આપ રાજી થાવ, આપની ભક્તિરૂપ હોય તેવા કરવાની જાગ્રતતા, જાણપણું, બળ આપજો. અને પ.પૂ.દીદીબાની તબિયત ખૂબ સરસ રાખજો. સદ્‌ગુરુ સ્વરૂપો અને બધા તંદુરસ્તી સાથે તમારું કાર્ય કરીએ તેવું કરી આપજો.

**આશીર્દાન પ.પૂ. પદુબેન :** ૨૦ વર્ષ થઈ ગયા. કોઈના અંતરમાં પપ્પાજીએ લાગવા નથી દીધું કે પ્રત્યક્ષ નથી. જ્યારે જેણે જે ભાવથી સંભાર્યા ત્યાં પ્રત્યક્ષ થયા છે. ખૂબ જબરજસ્ત સ્વરૂપ મળ્યું છે કે તેમાં રહેવાની આપણને ટેવ પડી જાય. માણસ છીએ. આપણા સ્વભાવ, પ્રકૃતિ સાથે જીવીએ છીએ. તેથી આપણું ‘હું’પણું ઝળકી જ જાય. તેથી માંગવું પડ્યું કે સ્મૃતિનું વરદાન આપો. આપણા બળે ગમે તે નક્કી કરીશું તે નથી થઈ શકતું. જેથી એમની સ્મૃતિમાં રહેવાનું માંગ્યું. તમે છો તો બધું છે. એ વાત આપણા મનને કહ્યા જ કરવી પડે. દરેકે પોતે એ વિચારવું પડે. બધા સંજોગોમાં આ જ વાતાવરણ પકડી રાખવું તે ચોકીપહેરો આપણે રાખવો પડે. શોધવું પડે. તેથી કથાવાર્તા, નિયમ–ધર્મની અગત્યતા છે. પપ્પાજી મળ્યા પછી સાધનનો ભાર નથી. પણ અખંડ ચોકીપહેરો ન રાખીએ તો અઘરું છે. હું ને એ એક. એ ભૂમિકામાં હોય તેને ભાર નથી. આપણે જ્યાં સુધી અપડાઉન કરતા હોઈએ ત્યાં સુધી કડકાઈથી પ્રેક્ટીસ કરવી પડે. સ્મૃતિ, આજ્ઞાની ટેવ પાડવી પડે.

અંતરથી પપ્પાજી પાસે એ વરદાન માંગી લઈએ. તમારી મૂર્તિ સિવાય મને કશામાં માલ ન મનાય. દરેક જગ્યાએ મારું તંત્ર એક જ ભૂમિકામાં રહે તે જ સાધના છે. તેવી ભૂમિકા સહજાવસ્થામાં રહે તેવો બુદ્ધિયોગ આપે તે જ પપ્પાજીના ચરણોમાં પ્રાર્થના.

**આશીર્દાન પ.પૂ.દીદી :** ૨૯મી મે. આપણે કાંઈ જોઈતું નથી. ભગવાન રાજી થાય તે જોઈએ છે. તેમાં પ્રસંગો આવશે જ.

પપ્પાજીના પ્રસંગોમાં અમે સાથે જ હતા. ત્યારે એમની સમતા અમે જોઈ છે. અપમાન કરનારા માટે પણ ઓરોભાવ નથી થવા દીધો.

એક ૩૬ વર્ષના યુવાનને બહેનોનું કાર્ય સોંપ્યું તો બાપાને કેવો વિશ્વાસ હશે ! અંતરમાં એક વાત છે કે પપ્પાજીની પ્રસન્નતા લેવી છે ને તેમનું કાર્ય કરવું છે. તેમની પ્રસન્નતા સિવાય કાંઈ છે જ નહીં. પ્રસન્નતા લેવા આપણે એની સમીપે રહેવું પડે.

બહેનોને ભગવાન ભજાવવાનું તે પપ્પાજીનું કાર્ય ને પાછા સાથે સમૂહમાં રહીને કરવાનું તે તો સાવ નવું કાર્ય. ૧૯૫૬માં હું તારદેવ ભગવાન ભજવા ગઈ. પપ્પાજીએ સ્વીકાર્યું. પપ્પાજીની તાકાત કેટલી હશે! ક્યારેય મારી પાસે કાંઈ માંગ્યું નથી...

મહાપૂજામાં ત્યારના પ્રત્યક્ષ સ્વરૂપોનું આવાહન કરવાનું મેં પૂછ્યું. તો પપ્પાજીએ માન્ય રાખ્યું. પાંચસો પરમહંસોના નામને બદલે હરિભક્તોના નામ ચાલુ કર્યા. તે નવું કામ. એ આપણી બધી સંસ્થામાં આ રીતે ચાલુ છે. તેવી જ રીતે વ્રતધારી ભાઈઓનું નૂતનકાર્ય. હવે પપ્પાજીના નવા કાર્ય તરીકે આપણે છીએ. ભગવાનનું કાર્ય તેની રીતે કરીને તેમની પ્રસન્નતા લઈએ એનું સુખ જુદું છે.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજી મહારાજ :** આપણા જેવું કોઈ ભાગ્યશાળી નથી. જોગી મળ્યા ને તેમનું ઋણ અદા કરી શકાય તેવું નથી.

જોગી મહારાજે આપણને નોધારા નથી મૂક્યા. પોતાના જેવા ને જેવા ગુણાતીત સ્વરૂપમાં આત્મબુદ્ધિ ને પ્રીતિ કરાવી. આપણે ગમે તેવા હોઈશું તોય રીજેક્ટ નથી કરવાના. એવા ભવ્ય વારસદારો પકવીને ગયા.

મહારાજ ને ગુણાતીત બેની ટોચે કોઈ જઈ શકે તેમ નથી. પણ તેના કિરણો આપી ગયા. ગુણાતીત એ ભાવ છે, દેહ નથી. બાપાને પૂછ્યું ગુણાતીત એક જ હોય ને ! બાપા કહે જે ગુણાતીતભાવમાં રહે તેમાં

ગુણાતીત રહેતા થઈ જાય. તેવા સ્વરૂપો આપી દીધા. મૂંઝવણ, વિક્ષેપ, અભાવનો વિચાર ઉઠતા ગરણી મૂકી દઈએ. આપણી પળેપળનું સંચાલન આપણા ગુરુ કરે છે. આપણા દેહભાવનું દર્શન કરાવવા એ પ્રસંગ ગોઠવે છે. ત્યારે એક જ સિદ્ધાંત યાદ રાખીએ. બાપા બધાને શાસ્ત્રીજી મહારાજનું સ્વરૂપ માનીને જીવ્યા. તેમના વારસદાર તેવું જીવ્યા. 'હું ગુણાતીત' તેવું મનાયેલુ રહે. માહાત્મ્યેયુક્ત સેવા, સ્મૃતિ કરીએ ત્યારે પ્રસંગ યોજાશે.તે સમયે વિચાર ઉઠે તેનો જે તે પ્રકારે નિષેધ કરી દઈએ. તત્કાળ કાઢી નાંખીએ. તે માટે જે કરીએ તે ભજન. ન ગમે તેવું કોઈ ગ્રહણ કરે તો મારી પરીક્ષા માટે છે. મોટેરા તેવી રીતે વર્ત્યા.

દરેક પોતાની કક્ષા પ્રમાણે ભજન ને સેવા કરીએ છીએ. ઉપાસના તો કરીએ છીએ. સાથે સાથે આજ્ઞા પાળતા થઈ જઈએ. માનો ચૈતન્યરૂપ તમારું... તે માટે મોટેરાં ભજન કરે છે. સુવર્ણયુગ છે... તો એવું કરવાનું સર્વને બળ મળે તે જ પ્રાર્થના ને આશીર્વાદ.

★ સાંજની સભામાં અધિકમાસનું પારાયણ કર્યું. તા.૨૯મી ગુરુહરિ પપ્પાજી મહારાજના શાશ્વત સ્મૃતિદિન નિમિત્તે ધૂન ને આરતી કર્યા.

## તા.30.૫.૨૦૨૬ : પ.પૂ.દીદીના સ્વરૂપાનુભૂતિદિનની ઉજવણી...

તા.૩૦મી સાંજે પ્રેરણામૂર્તિ પ.પૂ.દીદીની ૭૦મા સ્વરૂપદર્શનની ઉજવણી કરી. જેમાં આવાહન શ્લોકગાન કરી સભાસંચાલિકા પૂ.હર્ષાબેન અને પૂ.સ્મૃતિબેને પ્રથમ ૭૦ તાળીઓથી વધામણાં કરાવ્યા. ત્યાર બાદ દીદી એટલે પ્રથમ પપ્પાજી એ સ્મૃતિએ પ્રથમ પપ્પાજીના આશિષવાંચનથી સભાનો પ્રારંભ થયો.

**આશિષપત્ર**

**તા.૬.૬.૮૪**

**પરમ એકાંતિક પરમ ભાગવત સંત સ્વરૂપ દીદી**

**બાપાએ અતિ કૃપા કરી તમને તેમના જેવા ગુણ ધરાવતાં કર્યા તો હવે તેમનું કાર્ય જીવોને બ્રહ્મરૂપ કરી પરબ્રહ્મમાં જોડવાનું તેમની રીતે સહજ કરતા ૧૦૦ વર્ષના થાવ તેવી પ્રાર્થના ને આશીર્વાદ.**

**તમારા જ પપ્પાના જય સ્વામિનારાયણ.**

ખરેખર આ ૧૦૦ વર્ષના આશિષ આપ્યા એ શું? એ સ્મૃતિ કરાવી કે હમણા દીદી એક હરિભક્તને ત્યાં પધરામણીએ પધાર્યા. ત્યાં નાના સાધકોને કહ્યું કે આપણે ભગવાનમાં રહેતા થવું છે. ભજન કરતાં થવું છે. ને આપણી પ્રાર્થના પ્રભુ સાંભળે જ છે. અને મારે તમને એવા જોઈને જવું છે. એમનેમ નથી જવું. આ પરાભક્તિને વંદન કરતા તેમના સંકલ્પની તાકાતને અનુભવવા સહુ જાગ્રત થઈ ગયા ને આ દિવ્ય સ્મૃતિથી સહુ ભીંજાયા.

પછી પ.પૂ.દીદીની પ્રત્યક્ષની મહાપૂજાની સ્મૃતિ કરતા તેમાં નિત્ય ગવાતી પ્રાર્થના 'સંપ સુહૃદભાવ નિર્દોષબુદ્ધિ રાખી રાજી કરીએ...' તેનું સમૂહગાન કરી પ્રાર્થનાસ્વરૂપ ભક્તિબાંસુરી દીદીને ચરણવંદના કરી. ભવ્ય સ્મૃતિસાલની સ્મૃતિ કરાવી કે, દીદીના ૭૦મા સ્વરૂપદર્શને ૭૦મી સાલની ગુરુહરિ પપ્પાજીના પ્રાગટ્યની પ્રથમ ઉજવણીમાં પ.પૂ.દીદીએ ભજન બનાવેલું 'હો રમતાં રમતાં મળ્યા સ્વામી...' જેમાં હાથી સસ્સાની મૈત્રીનું જંગલમાં મંગલ સ્વાગત થતું દ્રશ્ય જ્યોતમંદિરમાં રજૂ કરેલું જેમાં હરણાબેને સસલું બની ગુરુહરિ પપ્પાજીનું સ્વાગત કરેલું તે મૂર્તિદર્શન કરતા ૭૦ની સાલને વધાવી.

ત્યાર બાદ પ.પૂ.દીદીનું માહાત્મ્ય ગાતા તેમના આ દિવસની સ્મૃતિમાં પ્રારંભ સમયમાં એમણે જે પ્રાર્થનાથી પ્રભુને સાકાર અનુભવ્યા એ સ્મૃતિબેન દવે રચિત માહાત્મ્યનું સૂરગાન થયું. 'તે તો સદાયે માન્યો સાકાર છે ત્યાં સંભારો નથી પૃષ્ઠમાં છાપેલો, કાષ્ટમાં મઢેલો, મૂર્તિમાં રહેનારો... હાજર છે પ્રભુ પ્યારો, પ્રાર્થનાથી અનુભવો...' એ ઈશારો કરી પારસો મૂક્યો કે, આ પપ્પાજી સામાન્ય માનવ નથી જીવભાવ ટાળનારા છે.

એમાં સહજાનંદ સ્વયં રહ્યા છે એ મેં અનુભવ્યું છે...

તે પછી ધ્યેયલક્ષી, નવા ફગવાનું દીદી રચિત ભજન આપ્યું છે તે 'અંતરથી અંતર ટળે નિરંતર...' જેમાં 'બ્રહ્મ બનીને રહેવું તું સોંપે તે સેવા કાજે...' જેમાં પપ્પાજીએ કહેલું કે આ જ્યોતિ, તારા, હંસા, દેવીને હું મુંબઈના મહાસાગરના ખારા પાણીમાં પકવીને લાવ્યો છું. તેમને ત્રિકાળમાંય કોઈ વિષે મનુષ્યભાવ આવતો નથી. એ દીદી તે વખતથી કેટલા વિચક્ષણ હશે કે કથાવાર્તા ને સાધનાના ઈશકી હતા. પણ આજ્ઞા આવી કે તારે ઘનશ્યામ, પ્રફુલ્લને ભણાવવાની ને ફેરવવાની સેવા કરવાની તો બ્રહ્મ બનીને જે સેવા સોંપી તે તેમણે કરી. તેઓને ભણાવ્યા, ફેરવ્યા ને તારાબેન અને દીદી માહાત્મ્યની ગોષ્ટિ કરતા આવું દિવ્ય જીવન જીવ્યા.

તુજ જેવી તુજ જનમાં પ્રીતિ, વાત્સલ્યતા રે' સદાયે...
પ્રાર્થનાથી તને પહોંચી માહાત્મ્યથી સુહૃદ બનાયે...

એ પ્રેરણાને આપણે અનુભવી કે એમને એક પ્રસંગના અનુભવે વિચાર થયો કે પ્રભુ આ વ્રતધારી પવિત્ર બહેનો માટે બહેન ડૉક્ટરો હોય તો !! અને એ વિચારશક્તિ સંકલ્પ બનીને સાકાર થયો એ કેવા પ્રભુના દાસ હશે કે પ્રભુ એમના દાસ બની ગયા. અને આજે ડૉક્ટર બહેનોનું ઝૂમખું અને પછી નર્સ બહેનો એ સેવાના ભાગીદાર બન્યા સાથે આધ્યાત્મિકતાના વારસદાર બની ગુણાતીત સમાજની સેવા કરી રહ્યા છે. તો એવા દીદીના સંકલ્પના તેજ ઝીલી તેમના કિરણ બની રહીએ.

ત્યાર બાદ શ્રી ઠાકોરજી, ગુરુહરિ પપ્પાજી મહારાજ પ.પૂ.દીદી અને સ્વરૂપોને ગુણાતીત સમાજ, જ્યોત, ગુણાતીત પ્રકાશ અને ભાવિક ભક્તો દ્વારા ભાવાર્પણ થયા.

સભામાં પૂ.પ્રતિક્ષાબેન રચિત પ્રાર્થનાભાવનું ભજન 'દિવ્ય અનુપમ મૂર્તિ...' ગવાયું. સહુના હૃદય પીગળી ગયા. આજે જે 'ધ્યેય સિદ્ધિની ધખણા'ની જાગ્રતતા આપનાર પ.પૂ.દીદીના ૭૦મા સ્વરૂપદર્શને ભક્તોએ માહાત્મ્યગાન કર્યા એ માણીએ.

**પૂ.ડૉ.પ્રીતિબેન :** પપ્પાજી મળ્યા ને ગમ્યા. પપ્પાજીના દર્શન ખૂબ ગમતા. પણ જાણે કાંઈ સમજ્યા જ નહીં. પપ્પાજી અને બેને વિદાય લીધી પછી સ્વરૂપો થકી થોડું થોડું સમજાયું છે.

પપ્પાજીની ભગવાન ભજાવવાની જે રીત હતી તે જ દીદીએ રાખી છે તે એમનું ખૂબ અગત્યનું કાર્ય છે. પપ્પાજીના જ લેખ, વાક્યો નિરંતર સમજાવ્યા જ કરે છે. દીદી પાસે જઈએ તો બધા જ વિચારો બંધ થઈ જાય છે. હવે આપણી વારે વાર છે. આપણે આપણી સાધનામાં સ્પીડ કરીએ.

પપ્પાજીની, દીદીની રીત છે કે એ આપણામાં ઉગાડે. આપણે જ આપણો દોષ નોંધીએ. દીદી હંમેશા એમની સાધક અવસ્થાની વાત કરીને આપણને સૂઝ આપે છે. દીદીએ વર્તનથી શીખવ્યું છે કે પ્રસંગ આવે ત્યારે કેવી સહજાવસ્થામાં રહેવાનું. તમે રાજી થાવ તેવા વિચાર, વાણી, વર્તન કરવા છે. દીદી પપ્પાજી સ્વરૂપે છે જ. એમને આપણને જેવા જોવા છે તેવા જોઈને રાજી થાય તે જ પ્રાર્થના.

**પ.પૂ.શોભનાબેન :** પપ્પાજી બહુ કૃપાળુ છે. આપણને સુખિયા કરવા આવા સ્વરૂપોની ભેટ આપી. એમનું માહાત્મ્ય આપણા અંતરમાં પ્રગટાવવા માટે આ સ્વરૂપો આપ્યા.

અમે ૧૯૬૬માં આવ્યા ત્યારથી બધી જ સૂઝ આપી છે. કેમ કરીને આ ચૈતન્યો પપ્પાજીમાં રહેતા થાય. અમને તો પ્રોગ્રામમાં સ્ટેજની કાંઈ ખબર નહોતી. અમનેય સ્ટેજ પર ચડાવ્યા... પ્રગટ વિના અંધારું જતું નથી.

દીદી એટલા જ રમૂજી છે. ભજન દ્વારા જ્ઞાન સમજાવે. એકવાર દીદીએ નવું બનાવેલું તે ભજન સમજાવવાનું પપ્પાજીએ કહ્યું. ત્યારથી દીદી નવું ભજન બનાવે ને સમજાવે. એકવાર પપ્પાજી કહે, બધાની પરીક્ષા લઈએ. ને દીદીએ બધું તૈયાર કર્યું. અને ત્યારથી દીદીને થયું કે પપ્પાજી પાસેનું જ્ઞાન લેવું છે. રોજ સવારે એક પ્રશ્ન લખીને પપ્પાજીને મોકલે ને પપ્પાજી રોજ લખે. એ ખજાનો આપણા માટે મેળવ્યો.

આંતરમન તૈયાર કરીએ કે પ્રભુધારક બની, પ્રભુનું

સુખ લઈએ. પપ્પાજી આટલું સુખે સુખે કરાવવા માંગે છે તો તેમને ભજીને સુખ લેતા થઈએ. આ સ્વરૂપોએ પપ્પાજીને પોતાનામાં પ્રગટાવ્યા છે. આપણે પણ અંતરની લડતથી ઉગરી જઈએ. એ કરાવવા બેઠા છે. આપણે એમની માળાના મણકામાં છીએ. આપણા વિચાર, વાણી, વર્તનમાં પ્રભુ સિવાય કાંઈ ન હોય એવો એમનો રાજીપો મેળવી લઈએ એ જ પ્રાર્થના.

**ગુણાતીત પ્રકાશ પૂ.પીયૂષભાઈ :** 'સાકર બ્રહ્મ છે ચોપાસ...' એ ભજનની કડી ગાઈને મહિમાગાન કર્યું. ૭૦ વર્ષની દીદીની પ્યોર સ્પીરીચ્યુલ જર્ની. આપણને નિરંતર આ જોગ, સિંચન મળે છે. આ સ્વરૂપોને આવું માહાત્મ્ય કોણે સમજાવ્યું હશે ? ત્યારે પપ્પાજી તો કેટલા છૂપા રહેતા હતા ! પપ્પાજીની મૂર્તિને કેવી માની હશે ! ૧૯૬૬માં તો પપ્પાજી બધાને તૈયાર કરીને લાવ્યા.

'તમે મન ધર્યું અમારી સાથે જોડવા કાજ...' તે કેવા પ્રકારનું પપ્પાજીનું માહાત્મ્ય દીદી સમજ્યા હશે! પૂર્ણતા પ્રાપ્ત કરીને બેઠા છે પણ તેનું જાણપણું નથી. કોઈ સમાજ, લોકની કાંઈ પડી નથી. નિરંતર પપ્પાજીમાં રહે છે. એટલી બધી જાગ્રત અવસ્થામાં જીવે છે કે કદાપિ કોઈ સાધકને એમ ન થાય કે હું પામી ગયો. પપ્પાજીને આપણા વિચાર, વાણી, વર્તનથી ઓળખાવવા છે. આત્મા – પરમાત્માની ઉપાસનાની જ વાત તેમના ભજનો, કાર્યક્રમોમાં જોવા મળે.

આપણામાં જે દેહભાવ છે તે એમને મૂકાવવો છે. પપ્પાજીએ અમને ગુણાતીત પ્રકાશનું વ્રત આપ્યું. એમનો પ્રકાશ બનવાનું છે. ગુરુહરિ ને ગુરુને રાજી કરવા મંડીશું તો કાંઈ આડું નહીં આવે. નિરંતર પ્રભુ કર્તાહર્તા મનાય ને સુખ લઈએ તે જ કરવાનું છે.

હે દીદી ! અમને જોઈને રાજી થાવ, હૈયું હસી ઉઠે એવા આશીર્વાદ આપજો.

**પૂ.વિજયભાઈ જોષી, અમદાવાદ :** ૧૯૮૯ની સાલમાં પપ્પાજી, દીદી અને સ્વરૂપો મારા વતન રાજસ્થાન પધારેલા. ત્યારે મારા ગામમાં ઈલેક્ટ્રીસીટી નહોતી. મારા પપ્પાએ જનરેટર લાવીને સભા કરી હતી. ત્યારે કદાચ મારા પર દ્રષ્ટિ પડી હશે.

૧૯૫૬ની સાલમાં પપ્પાજીએ કૃપા કરી ને આપણને દીદી મળ્યા. દીદીનો અંતરમાં અનુભવ કરું છું. મારા વિચાર, વાણી, વર્તનમાં પળેપળ અનુસંધાન રાખીને જીવું છું. સત્સંગમાં આવ્યા પછી એ જીવન જીવવાનો આનંદ આવે છે. દરેક પ્રસંગે પપ્પાજીની સ્મૃતિ ને દીદીના સંકલ્પે નિષ્ઠાથી જીવવાની સૂઝ મળે છે. આ જન્મે મારો પણ દ્રષ્ટા સ્થપાય જાય તેવી કૃપા કરશો.

**ગુણાતીત પ્રકાશ પૂ.મહેન્દ્રભાઈ :** ૨૦૦૫માં ડૉ.વીણાબેનનો ફોન આવ્યો કે પપ્પાજી તીર્થની જમીન બાબત સેવા કરવાની છે. મેં દીદીને પૂછયું તો કહે, 'આપણે કરવાની છે.' મને ખબર હતી કે ઘણા બધાએ આમાં ટ્રાય કરી લીધી છે. મેં કહ્યું બાપાએ કેસ વખતે પપ્પાજીને કહેલું કે હાથ હલાવતા જવાનું તેવું તમે કરવાના હો તો હું આ કરું.' પછી તો ઘણીવાર આણંદ, મોગરી પંચાયતમાં ધક્કા ખાધા. એમણે પ્રોમીસ આપેલું કે પપ્પાજી કરી જશે. તેમ ખરેખર એકવાર હું ગયેલો ને ઓફિસની બહાર બેઠેલો ત્યાં એક ભાઈ આવ્યા ને કહે, 'ભગત શું કરો છો ?' એ મને અંદર લઈ ગયા ને શું શક્તિ વાપરી ને બધા પેપર આપણા નામે થઈ ગયા. થોડા વખત પછી ફરી પણ જમીન બાબત તકલીફ આવી. ત્યારે ડૉ.નીલાબેન સાથે ગાંધીનગરના ખૂબ ધક્કા ખાધા. ને ત્યારે પણ પપ્પાજીએ સહાય કરી.

સપ્ટેમ્બર કે ઓકટોબરમાં મારી દીકરીનું નાનું ઓપરેશન હતું ને દીદી અમદાવાદ પધારેલા ત્યારે એને આશીર્વાદ આપ્યા કે તારો છોકરો સ્કૂલ જાય તે હું જોઈશ. એટલે આપણે નિશ્ચિંત રહેવું છે. તે આપણી સાથે રહેવાના છે.

**પૂ.પ્રિયમભાઈ પ્રજાપતિ, હાલોલ :** મારા માટે સત્સંગ એટલે ભગવાન જોડે જોડાયેલા રહેવું તે. આપણને એ બેઠા બેઠા મળી ગયું. મારા સાયન્સ ૧૨ ધોરણમાં ઓછા ટકા આવેલા. ખૂબ મૂંઝવણ થઈ ને ટેન્શન હતું કે હવે આગળ શું કરવું ? પછી થયું કે દીદીને વાત કરું. દીદીબાએ બધું જોયું ને કહે ફીઝીયોથેરાપી

કર. મેં વિચાર્યું પણ નહોતું તેવું દીદીએ કહ્યું. પણ મને વિશ્વાસ હતો. કોલેજ શરૂ થઈ. મારા ટીચરે મને ને મારા મિત્રને ભણવા સાથે હૉસ્પિટલમાં જઈને અનુભવ લેવામાં પસંદ કર્યા જે ખૂબ અગત્યનું કહેવાય. ત્યારે થયું કે દીદીની કેવી દિવ્ય નજર હશે!... તો હે દીદી ! તમારી છત્રછાયામાં આગળ વધું ને જ્યોતની સેવા કરું એ જ પ્રાર્થના.

**પૂ.પ્રિયંકાબેન દરજી, વડોદરા :** ૨૦૦૮માં મારા લગ્ન નક્કી થયા પછી મને દીદીના દર્શન કરવા લઈ આવ્યા. ત્યાર પછી ઘણા અનુભવો કર્યા.

૨૦૦૯માં દીદીના પગના ઓપરેશન વખતે હું તેમની સાથે હતી. ત્યારે મને થયું કે દીદી આવા છે તો એમના ગુરુ કેવા હશે ! પછી દીદીએ મને પપ્પાજીની વાતો કરી ખૂબ સમજ આપી.

પોતાના જીવનમાં થયેલા અનુભવો રજુ કરી મહિમા વ્યક્ત કરી તેમાં સૌને ભીંજવ્યા.

**પૂ.દેવન્દ્રભાઈ ત્રિવેદી, અમદાવાદ (પત્રવાંચન) :** આજના પાવન દિને હું શું કહી શકું ? હે દીદી ! મારા માટે મા ગણો, બાપ ગણો, ભાઈ ગણો, બેન ગણો કે ગુરુ પણ જે ગણો તે આપ જ છો. અને આપને જે સ્થાને પહોંચાડવા છે એ સ્થાને પહોંચી જઈએ એવી કૃપા કરશો. અક્ષરધામથી પધાર્યા આપણા માટે આપણા દોષ ટાળવા, આપણી કસરો કાઢી નાખવા. આપણો સ્વીકાર કરી, આપણને દર્શન, સ્પર્શન, વાતુ, પ્રસાદીનું સુખ આપી દોષ ખેરવ્યા. વારંવાર આપણને માર્ગદર્શન આપી સાચી દિશામાં ચાલતા કર્યા. બસ હવે ચાલતા જ રહેવું છે. એમના થઈને... આવા સંત ભગવંત પ.પૂ.દીદીબાના સ્વરૂપાનુભૂતિદિનના અનંત વંદન સહ દંડવત પ્રણામ. આ સાથે આપ આપનું સ્વાસ્થ્ય નિરોગી, નિરામય રાખો તો અમને આવા રૂડા દર્શન અને આશીર્વાદ મળતા રહે એવી ગુરુહરિ પપ્પાજી મહારાજ અને સર્વે સ્વરૂપોના ચરણે પ્રાર્થના.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજી મહારાજ :** આ વખતે મહારાજ પોતાના જેવું જ કલ્યાણ કરે તેવા જ સંતો, બહેનો, ભાઈઓ, ગૃહસ્થો લઈને પધાર્યા. ગુણાતીત સમાજ તૈયાર થઈ ગયો. આવા સ્વરૂપોના આપણે હેતવાળા છીએ. બધા બ્રહ્મનિયંત્રિત છે. એક એક રત્નો છે.

દીદી વરાળ બની ગયા. વરાળની શક્તિથી ગુડસ ટ્રેન પણ ખેંચાય. તેવી સંકલ્પ શક્તિથી ગુણાતીતભાવમાં રહેતા કરી દે તેવા દીદી. જે સંબંધમાં આવ્યું તેને ભગવાન આપવાનું કામ કરી રહ્યાં છે. દીદી પાકી ગયા. ધન્યવાદ છે. જંગમતીર્થ બનીને વિચરી રહ્યા છે. સામે આવે અના અહંકારની એની રીતે વરાળ બનાવી દે. જ્યાં જ્યાં ખપ દેખાય ત્યાં વિચરણ કરી સૌને સંબંધ આપ્યા જ કરે તેવી પ્રાર્થના.

**આશીર્દાન પ.પૂ.દીદી :** આનંદ તો એક વાતનો છે કે કાલે પપ્પાજીનો ઉત્સવ ઉજવવાનો છે. ૧૯૫૬માં ૩૧મી મેની સવાર હતી. રાતની ટ્રેનમાં બાબુભાઈ સારંગપુર જવાના હતા. જોગીબાપાની ૬૫મી જયંતી ઉજવવાની હતી. મારી બા કહે કે બાબુભાઈને પૂછી લે કે અમે તમારી સાથે આવીએ ? હું તારદેવ ગઈ ત્યારે બાબુભાઈ પોતાનો બિસ્તરો તૈયાર કરતા હતા. મેં પૂછ્યું તો કહે, આવો ને ! બીજે દિવસે અમે ગયા. ત્યારે પપ્પાજી મહારાજનો મને અનુભવ થયો કે મારે ભગવાન ભજવા છે. પછી તો તારદેવ જતી.

એકવાર બાબુભાઈ સાથે ટેકસીમાં બોમ્બે સેન્ટ્રલ સ્ટેશને જતી હતી. રસ્તામાં સાધનાની તકલીફો સમજાવી. મેં કહ્યું તમારા બળે, તમારા આધારે, તમારા આશરે કરીશ. એમણે મને કોલ આપ્યો. હા, મારા બળે, મારા આધારે, મારા આશરે કરાવીશ. એ વાતને ૭૦ વર્ષ થયા. મારામાં કાંઈ નથી. પણ પપ્પાજીના આધારે થયું છે.

આપણે બધા નસીબદાર કે ભગવાનના ધામમાં બેઠા છીએ. આપણો સ્વભાવ પપ્પાજી બદલે છે. કોક દિવસ એમ થાય કે હું પપ્પાજીનું કાર્ય છું. મારે કેવા વિચાર, વાણી, વર્તન કરાય ? અમે ચાર મોટેરા બહેનો ગણાઈએ. એ લોકોને મારો કેટલો વિશ્વાસ હતો! એવો મને તમારો વિશ્વાસ છે. બળ દેનારા પપ્પાજી છે. મારું જ ટાળવાની તાકાત ના હોય તો બીજાનું શું

કામ જોવું ? સ્વામિનારાયણ ભગવાન એકાંતિક ધર્મના પ્રવર્તક છે. તો આપણું મોટામાં મોટું કાર્ય કે આપણે એકાંતિક બની જવું. આપણને જે વચન આપ્યા હોય તેમ જીવવું.

જ્યારે જ્યાં જરૂર પડી ત્યાં પોતાની સ્મૃતિ આપી છે. પપ્પાજી એકવાર હૉસ્પિટલમાં હતા. સવારે હું પહોંચી તો પપ્પાજી પોતાના ઠાકોરજી પાસે ધ્યાન કરતા'તા. મેં પપ્પાજીને કહ્યું, 'હું ધૂન કરું છું. તમે પોઢી જાવ.' પપ્પાજી કહે ભલે. એમ એ તો આપણું કહ્યું માને જ છે. એને શું કરાવવું છે ? તે વિચારીને એમના વચનને જીવનમાં વણી લેવું છે. એનાથી થતી પ્રાપ્તિનું સુખ લેવું છે. પપ્પાજી મહારાજને પ્રાર્થના – આપણા ભગવાન હતા ને છે જ. એને રહેવું છે ને આપણે રાખવા છે. આપણું મૂકી મૂકીને શું મૂકવાનું છે ? દેહભાવ મૂકવાનો છે. આપણે તો ભગવાનનું ભવિષ્ય બનવાનું છે. આપણને પ્રાપ્તિનો કેફ હોવો જોઈએ. એમનું કાર્ય એમની રીતે કરવાનું છે. તે બહુ કોમળ, દયાળુ છે. છતાં કઠોર પણ છે. એનો અનુભવ પણ છે. એ કંઈ સોરી કહેવાના નથી. એક જ આશા રાખીએ કે તમે રાજી રહેજો. એવું અમે જીવન જીવીએ.

અંતમાં અંતરથી આભાર માની આ પળો સનાતન બને એ માટે રસઘન મૂર્તિ ભજનની ટુક –

કરવું છે કાર્ય જે તું કરાવે
બનવું છે મારે જે તું બનાવે
કોઈ પ્રસંગે આનંદ ન જાયે
અપેક્ષા એક તારી રખાયે
રસઘન મૂર્તિ...

આ પ્રાર્થનાભાવ સાથે સભાનું સમાપન કર્યું.

## તા.૩૧.૫.૨૦૨૬ : ગુરુહરિ પપ્પાજી મહારાજના સાક્ષાત્કારદિનની ઉજવણી...

સનાતન એવી ૧લી જૂનનો નસીબવંતો દિન એટલે ગુરુહરિ પપ્પાજી મહારાજનો સાક્ષાત્કારદિન.

તા.૩૧મી મેના મંગલદિને પ.પૂ.દીદી, પ.પૂ.પદુબેન તથા સ્વરૂપોના સાંનિધ્યે સવારે ૧૦ થી ૧.૩૦ની સભામાં ભવ્ય રીતે ઉજવાયો.

આજની સભાનું સંચાલન કરતા ગુણાતીત પ્રકાશ પૂ.હેમંતભાઈએ ગુરુહરિ પપ્પાજી મહારાજને પ્રત્યક્ષ કરી દીધાં. એ ધન્યભાવને વહેતા કર્યા કે, આજે પહેલી જૂન. ગુરુહરિ પપ્પાજી મહારાજનો સાક્ષાત્કારદિન અને ગુણાતીત સમાજની સ્થાપનાદિનનું અમૃત પ્રારંભ વર્ષ. ગુરુહરિ પપ્પાજી મહારાજનું અવતરણ પૃથ્વીને વિષે થયું તે ગુણાતીત જ્યોતની સ્થાપનાના યુગકાર્યને આજે ૬૦ વર્ષ પૂરા થયા એ હીરક આનંદના વધામણાંનો દિન.

૧૯૫૨થી આ દિવસનું માહાત્મ્ય પોતે તો જીવનપર્યંત જીવંત રાખ્યું પણ આપણને સૌનેય રખાવ્યું. ૧લી જૂન આવી હોય અને એમણે લેખ ના લખ્યો હોય કે ૧લી જૂનની પરાવાણીમાં આ દિવસનો મહિમા વહાવ્યો ના હોય એવું બન્યું નથી.

પપ્પાજીએ ૧લી જૂનને આપણું આધ્યાત્મિક નૂતનવર્ષ કહ્યું છે.

૧લી જૂનને આપણા બધાનો દ્રષ્ટાદિન કહ્યો છે.

૧લી જૂનને આપણા આખા ગુણાતીત સમાજનો કાર્ય આરંભ દિન કહ્યો છે.

૧લી જૂન આપણા માટે મોટામાં મોટો પર્વ, શુભ દિવસ કહ્યો છે.

એમ અનેક વિધવિધ આધ્યાત્મિક ઉક્તિથી આ દિવસને નવાજ્યો છે.

તારદેવ અક્ષરધામના તખતની કોઈ વાત આવી હોય અને પપ્પાજી મહારાજે તેનું વર્ણન કરી એ સમગ્ર ઘટનાને જીવંત તાદ્રશ્ય કરી જ હોય. સાથે સાથે એ સમયના અતીતમાં આપણને પણ ગરકાવ કરી એ ઘટનાની અનુભૂતિ આપણને સૌને કરાવી જ હોય.

૧૯૬૬ની ૧લી જૂને પ્રથમ ૫૧ બહેનો અહીં વિદ્યાનગર રહેવા આવી ગયાં. એ પછી ૧૯૭૫માં પ.પૂ.જ્યોતિબેન, પ.પૂ.દેવીબેન અને પ.પૂ.શોભનાબેન અને બીજા બહેનો વિચરણમાં મુંબઈ ગયેલા. અને તેઓ પૂ.કાંતિકાકાના ઘરે જમવા જવાના હશે. તો

પપ્પાજીએ આ બહેનોને ૧લી ઑક્ટોબર ૧૯૭૫ના દિવસે એક પત્ર લખ્યો. એમાં પપ્પાજી મહારાજે તારદેવના બંને ઘરની (બાનું ૮/સી પહેલો માળ અને પપ્પાજીનું ૬/ડી ચોથો માળ) સ્મૃતિઓમાં ૧૯૪૮માં બાપાએ પપ્પાજીને ગળી રોટલી જમાડી હતી તે, ૧૯૫૨માં બાપાએ પપ્પાજીને પ્રથમ ૭૧ વચનામૃત સમજાવ્યું હતું તે અને ૧૯૫૨ થી ૧૯૬૫ સુધી તારદેવ સાધના મંદિરમાં આ બહેનોએ જે ભીડા ભક્તિ કરી તેનું એક એક સ્થાનનું હૂબહુ વર્ણન કરીને લખ્યું છે –

★ **'બાપા પૃથ્વી પરના ભગવાન જ તે અવ્યક્ત મનાયેલું ને ૧૯૫૨માં સ્પષ્ટ તે જ મારો આત્મા, ધણી, શેઠ ને તેને અર્થે જેટલું જીવીએ તે જ ખરું જીવન. તે જ આદર્શ, તેમ જીવ સટોસટ મનાઈ ગયું. દેખાઈ ગયું. મારા માટે તો કેવો ભવ્ય દિવસ હતો, હશે ને છે !**

**તે જ ઘરમાં ૧૯૫૨થી ૧૯૬૫ સુધી એક ભવ્ય, દુનિયાએ ન જોયેલી, ન અનુભવેલી તેવી એકાંતિક મુક્તોની બ્રહ્મભઠ્ઠી શરૂ બાપાએ કરેલી... જ્યાંથી આપણું ૧લું અને ૨જું ગ્રુપ પાક્યું...**

**આવી ભવ્ય બહેનો અને પૂ.બા પાકશે ને ભગવત્સ્વરૂપ બની, ગુણાતીત સંતો બની, અનંતના કલ્યાણના દ્વાર ઉઘાડી નાખશે તેની તે વખતે કલ્પના હતી ! કેવું ભવ્ય સર્જન બાપાએ કરી આપ્યું...'**

એવા પપ્પાજી મહારાજનો સાક્ષાત્કાર દિન પણ આપણા સૌનો દ્રષ્ટાદિન. એમ આપણને પણ સહભાગી બનાવ્યા. ગુણાતીત સમાજની સ્થાપના થઈ એટલે પ્રત્યક્ષ ગુણાતીત સ્વરૂપ આપણો દ્રષ્ટા. આપણું નૂતનવર્ષ એટલે આપણને સૌને પપ્પાજી મળ્યા અને આપણે પપ્પાજી મહારાજને કેટલા રાખ્યા ? એનું સરવૈયુ કાઢવાનો દિવસ. અંતર્દ્રષ્ટિ કરવાનો દિવસ...

★ આવી જ સૂઝ આપતો લેખ ગુરુહરિ પપ્પાજી મહારાજે ૧લી જૂન ૧૯૮૨ના દિવસે લખ્યો છે. જેમાં આપણા વતી શ્રીજી મહારાજને પ્રાર્થના કરી છે કે –

**'કોઈનેય છેક પ્રકૃતિ પુરુષ સુધીના માયિકભાવના દેશકાળ અડે જ નહીં તેવા વજ્ર જેવા (વચ.છે.૭) પ્રમાણે તન, મન, આત્મા, ૫૧ ભૂત બનો. જેથી તે આપના પ્રભુતા, સરસતા વહાવતા જંગમતીર્થ બની જગતમાં વિચરે, મહામાનવના આદર્શ બની રહે. બાપાનો સંકલ્પ સિદ્ધ કરવાનું નિમિત્ત બની કૃતાર્થ થાય...'**

આ વજ્રની વાત પપ્પાજીએ લખી છે એ છે.૭ વચનામૃત 'વજ્રની ખીલીનું...' એમાં મહારાજ કહે છે કે જેમ પોતાના શરીરને વિશે જીવને આત્મબુદ્ધિ વર્તે છે તેવી ભગવાન ને ભગવાનના સંતને વિશે આત્મબુદ્ધિ રાખવી જોઈએ. જેમ વજ્રની પૃથ્વી હોય, તેમાં વજ્રની ખીલી ચોડી હોય તે કોઈ રીતે ઉખડે નહીં. તેમ ભગવાનના ચરણાર્વિંદને વિશે પોતાના મનને દ્રઢ રાખવું. અને એવી રીતે જે ભગવાનના ચરણાર્વિંદને વિષે પોતાના મનને રાખે તેને મરીને ભગવાનના ધામમાં જવું એમ નથી. એ તો છતીંદેહે જ ભગવાનના ધામને પામી રહ્યો છે.

આવો સાક્ષાત્કાર શું પપ્પાજી મહારાજનો આપણને થયો છે ? કે શું આપણે લોક, ભોગ, દેહ ને પક્ષમાં અટવાયેલા છીએ ? કે પછી હઠ, માન, ઈર્ષામાં જ સમેટાયેલા છીએ... ચાલો, આજે આધ્યાત્મિક નૂતનવર્ષે સરવૈયું કાઢીએ. અને ગુરુહરિ પપ્પાજી મહારાજના સમર્પણના અતીતને અંતરમાં અનંતરૂપે ધારી, સત્યનો સત્કાર પામી સાચા અર્થમાં ગુરુહરિ પપ્પાજી મહારાજનો સાક્ષાત્કાર પામી, ગુરુહરિ પપ્પાજી મહારાજે ૧લી જૂને લખેલા લેખ અને પ્રવચનના અંશનું આજની સભામાં વાંચન કરીશું તેનું મનન ચિંતન કરી, આંતરવૈભવને અંતરે ધારનાર અને અહોનિશ, હરપલ આંતર આનંદમાં મસ્ત રહેનાર આ સ્વરૂપો, સંત બહેનો, સંત ભાઈઓના ઉદ્બોધના શ્રવણ સિંચન પામીને આપણા જીવનમાં અને જીવમાં ગુરુહરિ પપ્પાજી મહારાજનો સાક્ષાત્કાર કરી અંતરે ઉજાસ પ્રગટાવીએ...

આ પ્રાર્થનાભાવ સાથે આવાહન શ્લોકથી સભાનો પ્રારંભ થયો. સભા પ્રારંભે શ્રી ઠાકોરજીને, ગુરુહરિ

પપ્પાજી મહારાજ અને સ્વરૂપોના પુષ્પહાર અને પુષ્પ કલગીથી સ્વાગત કર્યા. સભા દરમ્યાન ગુણાતીત જ્યોત તરફથી, સંત બહેનો-ભાઈઓએ તેમજ અનુપમ મિશન તરફથી ભાવાર્પણ કરી પ્રાર્થનાભાવ ધર્યા. ત્યાર બાદ સુરત મંડળના બાળ કલાકાર પૂ. આરુણ્યભાઈએ પપ્પાજીએ પ્રભુતામાં પગલા માંડ્યા તેનો શતક પ્રારંભ થયો તેનું નૃત્ય દ્વારા અને પૂ. પૂર્ણાંકભાઈએ પપ્પાજીની ૧૧ વર્ષની ઉંમરની લીલાસ્મૃતિનું શાબ્દીક દર્શન કરાવ્યું.

★ આ સ્મૃતિદર્શન બાદ ગુરુહરિ પપ્પાજી મહારાજે આપણા ભાગ્યનું વર્ણન કરતાં ૧લી જૂન ૧૯૮૬ના દિવસે લખેલા આશિષનું વાંચન કર્યું.

**'બાપાની કૃપા કે આ જોગ આપ્યો. જ્યાં કેવળ એકાંતિકના સંબંધની બધી જ નિષ્કામ ક્રિયા હોય. જેથી સુખે સુખે શાંતિપૂર્વક સાધના થાય ને સાધના સરળ બને...'**

ત્યાર બાદ જે મહિમાગાન થયા અને સ્વરૂપોના આશિષ લીધા તેના સારનું મનન કરીએ.

**પૂ.ડૉ.નીલાબેન :** આ સ્વરૂપો પપ્પાજીનું કાર્ય છે. આપણને પપ્પાજી મળ્યા તે માટે ૨૫મી મે ખૂબ જવાબદાર છે. તેમના લગ્ન થયા તો બાપા બહેનોનું કામ સોંપી શક્યા ને પપ્પાજીએ બહેનોને એકાંતિક બનાવી. આ દીદીની એક મિનિટ પણ પપ્પાજી વગરની જતી નથી. એ કાર્ય પપ્પાજીનું છે. ને પપ્પાજીને કેવો વિશ્વાસ હશે કે હું જે કહીશ તેને આ બહેનો પાર પાડશે. આપણે એકાંતિકપણું સિદ્ધ કરી શકીએ તે માટેની નાનામાં નાની વાતમાં પપ્પાજીએ સૂઝ આપી છે. ને સ્વરૂપોએ તે રીતે આપણા બધાનું જતન કર્યું છે.

દરેક નાનામાં નાના ચૈતન્યને પ્રભુ વાપરી શકે છે. આપણા મન, બુદ્ધિ, ચિત્તનું રૂપાંતર કરવાનું કેટલું અઘરું છે. તેને પપ્પાજીએ સરળ કરી દીધું. પપ્પાજીનું એક જ ધ્યેય કે આપણને ગુણાતીતભાવમાં રહેતા કરવા છે. દીદીને પણ એ જ ધખણા છે. તો અમારે પણ તમારા બળે પાર પડવું છે. આવી પ્રાપ્તિ હોય નહીં. ને તેમાં આપણો નંબર લાગી ગયો !

બાપાનું વચન સાધુ ગુણેયુક્ત બહેનો તૈયાર કરવાનું પપ્પાજીએ પૂર્ણ કર્યું ને આ સ્વરૂપો આપણને આગળ લે છે. પપ્પાજીની દ્રષ્ટિમાં બધા સમ છે. આપણને એવા એ બનાવવા માંગે છે.

દીદી ! તમારી પાસે અખૂટ ભંડાર છે. એ અમે લઈ શકીએ, માણી શકીએ. અમે પણ એ કાર્ય કરીએ ને તમે આનંદ પામો. તમને પણ અમારા જીવનથી ખાત્રી થાય તેવા બળ, બુદ્ધિ ને પ્રેરણા આપો તે જ તમારા ચરણે પ્રાર્થના.

★ ત્યારબાદ ગુરુહરિ પપ્પાજી મહારાજે ૧લી જૂન ૧૯૯૩ના દિવસે પોતાના જેવું સુખ સૌ ભોગવે તેવા અદ્ભુત આશિષ આપી આપણને ધન્ય કરી દીધાં તેનું વાંચન કર્યું.

**'પંચામૃત સર્વનું જીવન બને ને મારા જેવું જ સુખ, શાંતિ, આનંદ જે ત્રિકાળમાંય ગમે તેવા સંજોગોમાંય ભેદાય નહીં તેવી જ્ઞાનસમાધિ સર્વમાં રહે તેવા આશીર્વાદ.'**

આવી જ્ઞાનસમાધિમાં જીવતા ગુણાતીત પ્રકાશ પૂ.સુરેશભાઈએ અમૃત સ્મૃતિઓ કરાવી કે, પપ્પાજીના આશીર્વાદ છે કે જન્મોજન્મ જોડે રહીશ. પપ્પાજીના જીવનમાં બે ભાગ છે. ૨૦૦૬ સુધીનું અને ત્યાર પછીનું. પપ્પાજીએ આપણા બધાની કેટલી બધી જવાબદારી લીધી ! અમે નાના હતા ને નવા વર્ષે, વાર-તહેવારે દર્શન કરવા જતાં.

૧૯૬૬માં અહીં પધાર્યા. પપ્પાજીનું નાની નાની વાતમાં ખૂબ વિઝન હતું. પત્રિકા ત્યારે શરૂ નહોતી થઈ તો પપ્પાજી આંતરદેશીય પત્ર દર અઠવાડિયે લખાવતા ને બધા મંડળોવાળા તેની રાહ જોતા હોય. કેવા કેવા ચૈતન્ય માધ્યમો તૈયાર કર્યા ! તે બધાંએ પપ્પાજીને સર્વસ્વનું સમર્પણ કરી દીધું. એ પપ્પાજીનું સર્જન.

પપ્પાજીએ એકલે હાથે કાર્ય કર્યું છે. આપણને જે ભાર છે તેવો કોઈ ભાર પપ્પાજી કે સ્વરૂપોને નથી. પપ્પાજીએ લંડનમાં બહેનો માટે જ્યોત સ્થાપી ને ત્યાં પણ એવા મુક્તો તૈયાર કર્યા આ તેમનું કાર્ય છે.

પપ્પાજીને ઓપરેશન માટે મદ્રાસ જવાનું હતું.

પપ્પાજીએ બધા સ્વરૂપોને પોતે ફોન કર્યો. આપણને એમ થાય કે આટલો બધો રાંકભાવ !

પપ્પાજી માટે અમારે જીવન જીવવું હતું. તો પપ્પાજીએ ગુણાતીત પ્રકાશની પાંખ ખોલી ને જવાબદારી લીધી. આપણી નાની સેના પણ મજબૂત છે. આપણા બધાની લાઈફ પપ્પાજી અને સ્વરૂપોએ બેલેન્સ કરી છે. આ સ્વરૂપોએ એ કાર્યમાં લોહી રેડ્યું છે. ને આપણા સમાજને સ્ટ્રોંગ બનાવ્યો છે.

દીદી, તમને તો ધખણા છે પણ હવે અમારી સાઈડથી વધે તો મેળ પડે. પપ્પાજીનું ઋણ ભૂલાય કે ચૂકવાય એવું નથી. આપણા પપ્પાજી પરિવારની નજર પપ્પાજી તરફ જ હોય તેવું જીવવું છે. કોઈ ચિંતા નથી કરવાની. સિવાય કે એકાંતિકપણાની ને ધખણાની. જેને જેને પપ્પાજીના થઈને જીવવું તેને માટે માર્ગ મોકળો કરી દીધો છે. આવા સ્વરૂપો, બહેનોને ગમે ત્યારે ફોન કરીએ તો સેવા માટે તૈયાર છે.

હે પપ્પાજી ! અમારી નજર તમારા તરફ, તમારા આદેશ તરફ રહે એવા અમને બનાવજો તે જ પ્રાર્થના.

★ ત્યાર બાદ ગુરુહરિ પપ્પાજી મહારાજે ૧લી જૂન ૧૯૯૧ના દિવસે લખેલ કાર્ડનું વાંચન કર્યું. જેમાં ગુરુહરિ પપ્પાજી મહારાજે ૧લી જૂનને આધ્યાત્મિક નૂતનવર્ષ તરીકે બિરદાવી પાંચ મુદ્દાને જીવન બનાવવાની વાત કરી કે –

**૧. અખંડ બ્રહ્માનંદની મસ્તી ને આનંદ - પ્રાપ્તિનો કેફ રાખી ફર્યા જ કરીએ.**

**૨. પંચામૃત આપણું જીવન બને.**

**૩. ગુણાતીત જ્ઞાનનું નવનીત અને ૨૧ મુદ્દા - ઈદં જીવન બને.**

**૪. સ્વામીની ૧લાની ૧ થી ૧૦ અને છેલ્લી વાત તથા ૪થાની ૧૪૦-૧૪૩મી વાત સહજ જીવન બને.**

**૫. આપ સર્વ ગ.મ.૨૩, છે.૨૬, મ.૧૩ સિદ્ધ કરી અક્ષરમંદિર બની રહો તેવી પ્રાર્થના ને આશીર્વાદ.**

**પૂ.હીતાબેન પનારા :** પપ્પાજી મળ્યા તો હું ખૂબ નસીબદાર છું. નાનપણથી કોઈએ કહેવું નથી પડ્યું કે પપ્પાજી ભગવાન છે. ગળથૂથી દીદી ને સોનાબાએ પાઈ ત્યારે જ એ બી રોપી દીધું હશે. પપ્પાજીનું જીવન જોઈએ તો આટલા મોટા સ્વરૂપ સંસ્થાના પ્રમુખ પણ કોઈ દેખાડો નહીં.

પપ્પાજી એક પામર જીવ માટે કેટલું કરે છે તેની વાત કરું. હું કુલરની ટુકડીમાં સેવા કરતી હતી તે જોઈ પપ્પાજીએ મને કહેલું કે જે માહાત્મ્યથી તું સેવા કરે છે તેવી જ રીતે કરીશ તો અંતરમાં ટાઢક થઈ જશે. તો હું હંમેશા માહાત્મ્યથી સેવા કરતી રહું તેવું સૌ સ્વરૂપો બળ આપજો. પપ્પાજીએ મૂર્તિ આપીને આંતરમનનો કચરો ટાળ્યો છે. પપ્પાજીનું કાર્ય આ સ્વરૂપો છે તેમનું જીવન જોઈએ તો એવું જ છે તેને આદર્શ તરીકે રાખીએ. તમે અમારા માટે જે સંકલ્પ કર્યો છે તેમાં હું મારી જાતને ઓગાળી દઉં. પ્રભુ સિવાય કાંઈ ન રહે. એવું જીવન મારું થઈ જાય એ જ પ્રાર્થના.

**પૂ.નેહલબેન દુબલ :** પપ્પાજી કૃપામાં મળ્યા. ઘરમાં પહેલેથી ભગવાનનું સ્વરૂપ એટલે પપ્પાજી. કાંઈ જોઈતું હોય, ભૂલ થાય તો પપ્પાજીને પ્રાર્થના કરવાની. પપ્પાજીના અમૃતપર્વે સ્વાગત થતું હતું. બધા લાઈનમાં દર્શન કરતા હતા. હું પણ ઉભી હતી. પપ્પાજીની દ્રષ્ટિ મારા પર નો'તી પડી. મને થાય કે આપણે જેના ઘરે ગયા હોઈએ ને તે આપણને ન ઓળખતા હોય તો આપણે કેવી રીતે રહેવું ? તે સંકલ્પ જાણીને અનુભવ કરાવ્યો કે એ મારું બધું જાણે છે. સ્વભાવ, પ્રકૃતિ પણ જાણે છે છતાંય આત્મા સામે જ જોયું છે. જ્યારે કોઈ પ્રસંગ આવે ત્યારે પપ્પાજીની સ્મૃતિ કરીએ તો બહાર નીકળી જવાય છે. તેવા અનુભવ કરાવતા જાય છે. પપ્પાજી અને સ્વરૂપોને રાજી કરી શકું તેવી પ્રાર્થના.

★ ત્યાર બાદ ગુરુહરિ પપ્પાજી મહારાજે ૧લી જૂન ૧૯૯૧ના દિવસે જ્યોત અને સમાજના સર્વ અક્ષરમુક્તોને આશિષ આપ્યા તેમાં આપણને પપ્પાજી કેવા બનાવવા ઈચ્છે છે તેનું દર્શન કરાવતાં આશિષનું વાંચન કર્યું.

**'તમે સર્વ મહારાજના મુગટના ચંદ્રક બની રહો ને જગતને દેહભાવથી પર કરી તેના પ્રકાશથી**

**પ્રકાશમાન બનાવી અક્ષરરૂપ બનાવો તેવી સામર્થી પ્રભુ આપે...'**

**પૂ.જ્યોતિભાભી ઠકરાર, વિદ્યાનગર :** પપ્પાજીએ ખૂબ અનુભવ કરાવ્યા છે. તેની વાત કરીશ. શરૂઆતમાં આવ્યા ત્યારે મને એટલો વેગ હતો કે મને ધીમી પાડવી પડતી. ૨૫મી ડિસેમ્બર ૧૯૯૯માં નરેનભાઈને તાવ આવ્યો. દવા લીધી. ડૉક્ટરે દવા આપી ને કહ્યું કે આને બ્રુફેન ન આપીશ. દવા આપી હતી તોય તાવ ઉતરે જ નહીં. અસર ન થાય. મેં ઈંડિયા ફોન કર્યો. ત્યાં નર્સ કહે બ્રુફેન આપ. પછી બેનને સંભારીને આપી. આખી રાત પ્રાર્થના કરતી'તી. સવારે પપ્પાજીનો ફોન આવ્યો. કહે હેપી ન્યુ યર. મેં બધી વાત કરી તો પપ્પાજી કહે એને હૉસ્પિટલમાં લઈ લેશે. પપ્પાજીને ખબર હતી કે હું હૉસ્પિટલમાં લઈ જવાની છું. પપ્પાજીએ લંડન જ્યોતમાં જણાવ્યું એટલે રેખાબેન ને શીલાબેન પણ આવ્યા. હૉસ્પિટલમાં તો દાખલ કર્યા. બેને કહેલું કે રોજ મને ખબર આપજે. પછી તો હાર્ટના વાલ્વની બીમારીનું નિદાન થયું. નાનું ઓપરેશન કરવાનું કહ્યું. બેન કહે નથી કરાવવું. મારે ડૉક્ટરને કેવી રીતે કહેવું ? ત્યાં જ્યારે ઓપરેશન હોય ત્યારે એ લોકોના માણસો આવીને લઈ જાય. પણ એ લોકો નરેનભાઈને લઈ જવાનું જ ભૂલી ગયા. ને બીજા દિવસે રીપોર્ટ કરાવ્યા તો કહે કે સારું થયું કે ઓપરેશન ના કર્યું ને દવાથી આવી રહેશે એવું કહ્યું. આ પપ્પાજી અને બેનની દિવ્ય શક્તિ ! ઓપરેશન માટે બેને ના પાડી તો હજુ પણ નરેનભાઈને એમ છે કે ઓપરેશન નથી કરાવવું. હજુ પણ એમનો વાલ્વ લીક થાય જ છે. જીવન તો એમના આધારે જીવીએ છીએ. હવે તમને ગમે તેવું જીવન જીવતા થઈ જઈએ તે જ પ્રાર્થના.

**પૂ.નેહાબેન અગ્રવાલ, દુબઈ :** પપ્પાજીના અનુભવો ઘણા છે. હું જ્યારે નાની હતી ત્યારે સંતે કહ્યું કે આપણે પપ્પાજીને પત્ર લખીશું. પપ્પાજીને નાનામાં નાની માંગણી લખી. તે પત્ર પોસ્ટ પણ નહોતો કર્યો પણ પપ્પાજીએ બધી ઈચ્છાઓ પૂરી કરી છે.

ત્યાર બાદ મારો સન નાનો હતો. પતિ દુબઈ જોબમાં હતા. એમના વિઝા પૂરા થયા. કંપનીએ ઈંડિયા મોકલ્યા. પછી એ લોકો પાછા વીઝા રીન્યુ ના કરે. એવામાં એમના એક મિત્રે એમને ત્યાં બોલાવ્યા. પછી કંપનીમાં ગયા તો એમને બાકી સેલેરી પણ ન આપી ને એમનો સામાન પણ બહાર મૂકી દીધો. એમની પાસે ત્યાં કંઈ પૈસા જ નહીં. મને ખૂબ ચિંતા થઈ ને પપ્પાજીને પ્રાર્થના કરી તો ખૂબ જ રક્ષા કરી. ને બધું સરખું થઈ ગયું.

અત્યારે અમે દુબઈ હતા ને ત્યાં વૉર જેવા સંજોગો છે તો એમાં પણ અમારી ખૂબ રક્ષા કરી છે. તો પપ્પાજી અને સ્વરૂપોને પ્રાર્થના કે તમને ગમે તેવું જીવન જીવું.

**પૂ.વૈશાલીબેન ધિરાડકર, વર્ધા :** હું ૨૦ વર્ષથી સ્વામિનારાયણ સંપ્રદાયમાં છું. પુત્ર કૌશલની તબિયત સારી નહોતી. તેમને લઈને અહીં બતાવવા આવ્યા. ગયા વર્ષે સમૈયામાં આવ્યા ને ડૉક્ટરને બતાવ્યું. મારો પુત્ર જીવશે કે નહીં તે સમજાતું નહોતું. બહેનો અને ડૉક્ટરોએ હિંમત આપી કે સારું થઈ જશે. ને ખરેખર સારું થઈ ગયું. નાના નાના પ્રસંગોમાં પપ્પાજીએ ખૂબ સહાય કરી છે. કૌશલ ૧૨મા ધોરણની પરીક્ષા આપી શકશે તેવું નો'તુ લાગતું. સરખું વાંચી પણ ન શક્યો છતાં ૬૮% આવ્યા. પપ્પાજીનો આભાર કે અમને ખૂબ સહાય કરી. કૌશલને એન્જીનીયરીંગ કરવું છે તો સારી કોલેજમાં એડમીશન મળી જાય તેવી પ્રાર્થના.

**પૂ.પલકબેન, કેનેડા :** પપ્પાજીએ બહેનો સુખ, શાંતિ, આનંદથી ભગવાન ભજી શકે તે માટે સ્થાન સર્જ્યું. આ જ્યોત એ બ્રહ્મવિદ્યાની કોલેજ છે. ગુરુ નસીબથી મળે છે. તો હું કેટલી નસીબદાર કે આવા ગુણાતીત ગુરુ મળ્યા! કેટલુ સરસ માર્ગદર્શન આપે છે! આ સ્વરૂપોને સેવી અમને મળેલી આજ્ઞાને વિચાર, વાણી, વર્તનમાં રાખી આપને ગમે તેવું જીવન જીવીએ.

**પૂ.જયમુનિભાઈ વ્યાસ, બોરીવલી :** 'હે પરમ કરું આરાધના...' ભજનથી મહિમાગાન શરૂ કર્યું. અમારા જીવનમાં પપ્પાજીએ ખૂબ કાર્ય કર્યું છે. ૧૯૯૫થી અમારું ઘડતર થયું. પૂ.વિમળાબા અને પૂ.સુરેશભાઈ અમારા પથદર્શક. પપ્પાજી જ્યારે પંચગીની રહ્યા ત્યારે જયશ્રીબેન સેવામાં ગયેલા. ત્યારથી અમે તેમની

ખિસ્સાની ડાયરીમાં છીએ. ગૃહસ્થના જીવનમાં જે અશક્ય લાગે તેવા કાર્ય કર્યા છે. પપ્પાજી ધામમાં ગયા પછી પણ પ્રાર્થના કરીએ ને તે સાંભળે છે અને કામ કરી દે છે. અમને ઘરમાં એક મંદિર કરાવવું હતું. મારે જેવું જોઈતું હતું તે થોડું મોંઘું થતું હતું. એક ઓળખીતાએ મારા બજેટમાં કરી દીધું. મોટેરા ભાઈઓ પાસે મહાપૂજા કરાવી પ્રતિષ્ઠા કરાવી. તે મંદિરમાં પણ પપ્પાજી અમારા બધાની પ્રાર્થના સાંભળે છે. જે સેવા મળી છે તે સતત મળ્યા કરે અને અમારા સંબંધીઓ બધા પણ સત્સંગી થાય એ જ પ્રાર્થના.

**આશીર્દાન પ.પૂ.પદુબેન :** મળ્યા છે તે સર્વોપરી છે તેનો ઉપયોગ કરીને આનંદ કર્યા કરીએ. ભક્તો જે ધારે તે ભગવાન કરે. પછી એનો કેફ કેટલો રહે ! પપ્પાજી કાયમ કહેતા પ્રાપ્તિનો કેફ રાખો ને આનંદ કર્યા કરો. પપ્પાજી સામેથી બધું આપે છે. શું કરવું, માંગવું તે ખબર જ નહોતી. પપ્પાજીએ સામેથી ગ્રહણ કર્યા છે. આ સ્વરૂપો, પ્રકાશના ભાઈઓ, મંડળના કાર્યકર્તા તૈયાર કર્યા છે. બધામાં કર્તાહર્તા પપ્પાજી છે.

પપ્પાજીને વફાદારી જોઈએ છે. આપણે એમના છીએ. બધાના અંતરમાં છે. અહીં બધાને એવું છે કે અમે અમારા ન રહીએ. તમારા સર્વમાં દર્શન કરીએ. આપણું મન આપણા પર જોર ન કરી જાય. મારે જે કાર્ય કરવાનું છે તેમાં હસતાં હસતાં સાથ આપી દો. જે મુક્તને વાપરે તેમાં પપ્પાજીના દર્શન કરીએ તેવો બુદ્ધિયોગ આપે. આ ગુરુઓની પ્રાર્થનાથી, શ્રમથી તૈયાર થયા છીએ તો રાંકભાવે સેવા માટે તૈયાર રહીએ તેવી પ્રાર્થના.

★ ત્યાર બાદ ૧લી જૂન ૧૯૯૪ના દિવસે ગુલાબ દોરેલા કાર્ડની અંદર ગુરુહરિ પપ્પાજી મહારાજે આશિષભરી વર્તન માટે સૂઝ આપી છે તેનું વાંચન કર્યું.

**'જેમ ગુલાબ નાત, જાત, લાયક, નાલાયક જોયા વિના બધાને પોતાની સુગંધ આપે છે તેમ તમારા સંબંધમાં આવે તેને તમારા વર્તનથી જ ગુણાતીત સુગંધનો સ્પર્શ થાય ને તેને ગુણાતીત થવાનું ઉદય થાય તેવા મહામાનવ બનો...'**

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજી મહારાજ :** ૧૯૫૨માં ૧લી જૂનના દિવસે સ્વામીએ દ્રષ્ટિ કરી ને તરત હું બાબુભાઈ મટી ગયો. ત્યાર પછી નવા બાબુભાઈના સગા સાચા, જૂના બાબુભાઈના ખોટા. ને કુરુક્ષેત્ર ચાલ્યું. બાપાએ પ્રથમ ૭૧ સમજાવ્યું. બધા પ્રગતિ કરતા ચૈતન્યો. સંબંધવાળા બધા દિવ્ય. તે કાકાએ વર્તીને બતાવ્યું. અલ્પ સંબંધવાળાની સેવા સ્વરૂપ માનીને કરી લીધી. બાપા ને કાકાએ વર્તીને બતાવ્યું. બાપા, કાકા, બાએ પ્રેમભાવથી સૌનું જતન કરીને ગુણાતીત સમાજ સ્થાપ્યો. અક્ષરધામ અહીં જ છે. બાપાનું જેવું માહાત્મ્ય છે તેવું બધાયને સાકાર થઈ જાય તેવી પ્રાર્થના.

**આશીર્દાન પ.પૂ.દીદી :** આવતી કાલે ૧લી જૂન. આપણા હેવા પ્રમાણે આપણે જેટલું જીવ્યા તેટલું પામ્યા તો છીએ. હજુ વધુ કરવાનું છે. શા માટે કરવું ? અંતરમાં સદાય સુખ, શાંતિ, આનંદ રહે, પ્રાપ્તિનો કેફ રહે. આપણે ભગવાનનું સુખ લેવું છે તો પોતાનું મૂકી દઈએ તો આવે. ઘણું પામ્યા છીએ પણ પ્યોર ભગવાનનું સુખ. દરેક ક્રિયામાં ભગવાનને રાખીએ. અમારી સાધનાની શરૂઆત તારદેવથી થઈ. પપ્પાજીએ ૨૧ મુદ્દા લખેલા. તે અમારે મોઢે કરવાના. તો તે પ્રમાણે અનુસંધાન સતત રહેતું. તે આજ્ઞા પણ આપે છે આશીર્વાદ પણ આપે છે.

પપ્પાજીનું વચન શું છે ? પંચામૃત, ગુણાતીત જ્ઞાનનું નવનીત અને ૨૧ મુદ્દા જીવન બને. કોઈ પાસે કરાવવાનું હોય તો તકલીફ. આપણે જાતે કરવાનું એટલે કેટલી સ્વતંત્રતા !

પપ્પાજીએ પોતાના દાખલા આપીને આપણને જીવતા કર્યા છે. આપણે પપ્પાજીનું ભવિષ્ય હોઈએ તો આપણે કેવા હોવા જોઈએ ? આપણે પ્રાર્થના કરી ભગવાનનું બળ લેવું. તેમના બળે કાંઈ અશક્ય નથી. આપણે છતીદેહે ભગવાનની રીતે જીવી તેમનું સુખ લેવું છે. પપ્પાજીને પ્રત્યક્ષ માની એની પ્રસન્નતા લેવાનું જીવનમાં રાખવું. ન જીવાય ત્યાં એમનું બળ માંગવું. આવતી કાલ ૧લી જૂનના જય સ્વામિનારાયણ.

## તા.૧.૬.૨૦૨૬ : ત્રિવેણી ઉત્સવ...

તારીખ ૧લી જૂન ગુરુહરિ પપ્પાજી મહારાજનો સાક્ષાત્કાર પર્વ, ગુણાતીત જ્યોત અને વ્રતધારણદિનની હીરક જયંતી. આ ત્રણ પર્વોનો આનંદ ત્યારે પ્રથમ દિવસે હતો તેવો ને તેવો જ અત્યારે વહી રહ્યો હતો.

આજે સવારે ગુરુહરિ પપ્પાજી મહારાજના સાક્ષાત્કારદિનના વધામણાં કરતાં સ્મૃતિમંદિરમાં ૨૦૨૪ની ૯મી નવેમ્બરે ગુરુહરિ પપ્પાજી મહારાજના ૧૦૮મા પ્રાગટ્યપર્વ 'પપ્પાજી દિવ્ય પ્રકાશ પર્વ'ની ઉજવણી જ્યારે પપ્પાજી તીર્થ પર કરી ત્યારે બ્રહ્મમહોલ સભાખંડમાં એ આતમહંસના સ્વાગતરથમાં શ્રી ઠાકોરજી સહ ગુરુહરિ પપ્પાજી મહારાજ વિધવિધ લેબાશમાં ચારેકોર ફરી સૌ મુક્તોને સુખ, શાંતિ, આનંદ, પ્રાપ્તિના દર્શન આશિષ અર્પી રહ્યા હતા. અને તેમના કાર્ય સ્વરૂપોની મૂર્તિ પણ વચન આશિષ આપતા હતા. એ સેવા, સ્મૃતિ, નામરટણ, સુહૃદભાવ તે સ્વાગતરથનું સ્મૃતિપ્રતીકનું ઉદ્‌ઘાટન પ.પૂ.દીદીના વરદ હસ્તે કરાયું. અને સૌ ભક્તો, મુક્તો સ્મૃતિમંદિરમાં આ દર્શન, સ્મૃતિનો લાભ માણી શકશે.

★ રાત્રે કીર્તન આરાધનામાં આ ત્રણે પર્વોની સ્મૃતિ કરતા...

૧. 'આ ગાડી કેની ?' એ પ્રથમ આદર્શ 'ગુરુમુખી જીવો.' તે સિદ્ધાંતે તારદેવમાં સાધના શરૂ કરી એ સ્મૃતિસહ સમગ્ર વ્રતધારી સંતો, બહેનો, યુવકો, ગૃહસ્થો વતી શ્રી ઠાકોરજી તેમજ ગુરુહરિ પપ્પાજી મહારાજને હાર અર્પણ થયાં.

૨. અને ગુણાતીત જ્યોતની હીરક જયંતીએ વિધવિધ કવિયત્રિ રચિત જ્યોત માહાત્મ્યના ભજનોની રસધાર વહાવી ભક્તિ અદા કરી. ભાઈઓએ ગુરુહરિ પપ્પાજીની વચનસ્મૃતિના, પ્રાપ્તિના ભજનોમાં મશગૂલ કર્યા.

અંતમાં નસીબવંતી ૧લી જૂને ભક્તોનો આભાર માની, ભગવાનના સ્વરૂપોને હૈયામાં ધારી આ દિવ્યતાનો આનંદ વધારતા કીર્તન આરાધનાનું સમાપન કર્યું.

## ગૃહસ્થ ભાઈઓની શિબિર...

તા.૮-૯-૧૦ મે, ૨૦૨૬ના '**ઘર અને દેહને મંદિર બનાવો.**' તે વિષય પર ગુણાતીત જ્યોત પરિવારના ગૃહસ્થ ભાઈઓની શિબિર '**પ્રકાશ સ્વરૂપ સંતો**'ના સાંનિધ્યે ગુણાતીત જ્યોતમાં કરી. આ શિબિરમાં ૨૧૦ જેટલા મુક્તોએ ભાગ લીધો. જ્યોત પરિવારના વડીલ મુકતો પૂ.નરેનભાઈ ઠકરાર, પૂ.રવજીભાઈ સુરત, પૂ. જીતુભાઈ દોશી અને પૂ.વલ્લભભાઈ મોરબીએ દીપ પ્રાગટ્ય કરી શિબિરનો પ્રારંભ કર્યો. પૂ.હિતેશભાઈ વડોદરા અને પૂ. રજનીભાઈ જૂનાગઢે ગુરુહરિ પપ્પાજી મહારાજને સ્વાગત ભાવરૂપે હાર અર્પણ કર્યો.

શિબિર સંચાલક પૂ.પરાગભાઈ શેખડાએ કહ્યું કે આવી શિબિરો કરીએ તે પપ્પાજીને ખૂબ જ ગમે અને મનની કેવી તૈયારી સાથે શિબિરમાં આવવું, તે પપ્પાજીની સ્મૃતિ કરાવતાં જણાવ્યું.

શિબિરના પ્રથમ દિવસે રાત્રે ૮:૦૦ વાગ્યાથી સૌ શિબિરાર્થી મુકતો પપ્પાજી તીર્થ પર પધાર્યા. જ્યાં શાશ્વત ધામ અને જ્યોત સ્વરૂપોના સમાધિસ્થાને દર્શન, પ્રાર્થના, ધૂન અને પ્રદક્ષિણારૂપી અંતરના ભાવ પૂરા કર્યા. પછી સૌ મુકતોએ P લોનમાં પધારી પૂ.વિજ્ઞાનસ્વામી, પૂ.ધરમસ્વામી અને પ્રકાશ સ્વરૂપોના સાંનિધ્યે 'ટ્રેઝર હન્ટ' ગેમ ૬ ટીમ બનાવી રમ્યા, જેમાં દરેક ટીમના રસ્તા અલગ હતા, પણ સૌનું ધ્યેય ૭ કોયડા ઉકેલી ખજાનારૂપી પપ્પાજી મહારાજ સુધી પહોંચવાનું હતું. સૌએ ખૂબ દિવ્ય આનંદ માણ્યો અને સંતોના હસ્તે પ્રસાદ લઈ આનંદસભર હૈયે પ્રથમ દિવસની પૂર્ણાહુતિ કરી.

તા.૯ અને ૧૦ના સ્વરૂપોના આશિષ તેમજ મંડળના વડીલોનો લાભ લીધો તેના સાર માણીએ.

ગુણાતીત પ્રકાશ પૂ. પીયૂષભાઈએ 'નિષ્ઠાપ્રધાન જીવનની મહત્ત્વતા અને તેનાથી થતી પ્રાપ્તિ' વિષય ઉપર લાભ આપતાં કહ્યું કે પુરુષોત્તમ નારાયણનું પ્રત્યક્ષ સ્વરૂપ મારા માટે પપ્પાજી છે, હું એમનો છું, એમની સત્તા – સામર્થીના માહાત્મ્યનો

વિચાર સતત રહે એ સાચી નિષ્ઠા છે. મોટેરા સંત સાથે બુદ્ધિથી પરનું જોડાણ હોય, તેમના દાસ બનીએ, તેમની આજ્ઞા એ જ જીવન બને, ત્યારે નિષ્ઠા પાકી થાય.

ગુણાતીત પ્રકાશ પૂ.નંદુભાઈએ ઘરસભા અને આદર્શ ગૃહસ્થ જીવન વિશે લાભ આપતાં કહ્યું કે દરરોજ ઘરસભા અને સ્વાધ્યાયની ટેવ પાડીશું તો કુટુંબમાં મુશ્કેલી આવશે જ નહીં. આપણે ભગવાન અને સત્સંગ રાખીશું તો આપણો વ્યવહાર ભગવાન સાચવશે. સંસારમાં સુખેથી જીવવાનું છે પણ તેમાં રાચવાનું નથી અને અંતે તો સંસાર ભૂલવાનો જ છે.

ગુણાતીત પ્રકાશ પૂ.બાબુભાઈએ ખપ, ખટકો ને ગરજ વિષય ઉપર લાભ આપતાં નીલકંઠ વર્ણીના લોજ મુકામેના થાંભલાને બાથ ભીડવાના પ્રસંગની અને ગુણાતીતને પૂર્વાશ્રમમાં ખેતરે મહારાજે દર્શન આપીને કહ્યું કે બ્રહ્મતેજ ક્યાં સૂકાઈ ગયું ? એ પ્રસંગોની ખૂબ મનનીય વાત કરી. ગુરુ કે મોટા સંત પાસે એવું રાખવું કે તમે આગળ ચાલો અમે તમારી પાછળ છીએ. જેથી ક્યારેય આપણે ભૂલા નહીં પડીએ. ક્યારેય રસ્તો શોધવો નહીં પડે. આપણે આપણી ગરજે, આપણા કલ્યાણ માટે સેવા કરવી છે.

ગુણાતીત પ્રકાશ પૂ.ઈલેશભાઈએ ઘર અને દેહને મંદિર બનાવવા, ઘરમાં વિવેક અને વિનય, ઘરસભા, અઠવાડિક સભામાં હાજરી, કથાવાર્તા, સેવા અને ભજન આ બધું જ આપણા રોજિંદા જીવનમાં હોવું જ જોઈએ.

સમૈયા અને શિબિરોમાં ખૂબ જાગ્રતાથી ભાગ લઈ, નાનું વચન મોટું માની દોડવા મંડીએ તો સાચી પ્રાપ્તિ થાય.

ગુણાતીત પ્રકાશ પૂ.રાજુભાઈએ સંતપ્રધાન જીવનની મહત્તા દર્શાવતા જીવંત પ્રસંગો કહ્યા. જેમાં બાળકની સ્કૂલની પરીક્ષા હોય કે યુવાનીમાં જગતના પ્રલોભનની પરીક્ષા હોય, વ્યવહારમાં અને લગ્ન પ્રસંગે ઊભી થયેલ મુશ્કેલીની વાત હોય કે કુટુંબના દુઃખના પ્રસંગે કે બીમારી વખતે સત્સંગની સેવા, શિબિર – ઉત્સવમાં જવાની વાત હોય, આ બધાજ પ્રશ્નોમાં કે મુશ્કેલીમાં મુક્તોએ સંતને અને તેમના વચનને પ્રાધાન્ય આપ્યું તો સદાય સુખ, શાંતિ ને આનંદ છે, સર્વ વાતે પ્રગતિ જ છે. આ વાતમાં મુખ્ય વિશેષતા એ હતી કે આ દરેક પ્રસંગમાંથી પસાર થયેલ મુકતો આ શિબિરમાં હાજર હતા.

★ શિબિરના દ્વિતીય સત્રમાં સૌ પ્રથમ ગુણાતીત પ્રકાશ પૂ.મહેન્દ્રભાઈએ 'ઘરના મુકતો સાથેનો વ્યવહાર' એ વિષય ઉપર લાભ આપતાં કહ્યું કે સવારે ઊઠીને જે પ્રાર્થના ભગવાનને કરીએ છીએ તેનું આખો દિવસ અનુસંધાન રાખવું. કોઈપણ વાતમાં તરત જ પ્રતિભાવ ન આપતાં થોડું થોભી, પ્રાર્થના કરી પછી જ જવાબ આપો. સ્વરૂપો આપણને એકાંતિક બનાવવા મંડ્યા છે ને આગળ લઈ જવા માંગે છે. તેમાં સાથ આપવો પડે, સામે કોણ છે એ નહીં જોવાનું, પણ સંતના વચને નિષ્કામભાવે સેવા કરી લેવાની તો એકાંતિક બનાય. અને જ્યોતની સેવામાં, સરકારી કાર્યોમાં, અશક્ય લાગતા કાર્યોમાં ગુરુ વચને, જો પપ્પાજીને સાથે રાખીએ તો ખૂબ સહેલાઈથી એ કાર્ય થઈ જાય છે તે અનુભવસિદ્ધ વાતો કરી.

ગુણાતીત પ્રકાશ પૂ.શાહભાઈએ 'અઠવાડિક સભાનું મહત્ત્વ અને મુક્તો સાથે રસબસતા' વિષય ઉપર લાભ આપતાં કહ્યું કે આશરે ૭૫ વર્ષ પહેલાં યોગીજી મહારાજે કહ્યું હતું કે ૨૫ હજાર રૂપિયાનો નફો મળતો હોય તો પણ તે છોડીને અઠવાડિક સભામાં અવશ્ય જવું, જે આજે કરોડો રૂપિયા થાય. તો કેટલું બધું મહત્ત્વ યોગીજી મહારાજે અઠવાડિક સભાને આપ્યું ! રેગ્યુલર અઠવાડિક સભામાં જઈશું તો ઇનડાયરેક્ટલી યોગીજી મહારાજના આશીર્વાદ આપણને મળશે અને મુકતો સાથે સુખમાં અને દુખમાં ભાગીદાર બની શકીશું. પપ્પાજી મહારાજ પરિણામવાદી છે. તો આ શિબિરનું આપણને સૌને પરિણામ મળવું જ જોઈએ.

ગુણાતીત પ્રકાશ પૂ.વિરેનભાઈએ આ શિબિરનું મહત્ત્વ સમજાવતાં કહ્યું કે આવા તીર્થસ્થાનમાં બેસવા મળે, આવા સંત સ્વરૂપોનું સાંનિધ્ય મળે, તેનાથી

આપણાં પ્રારબ્ધ ધોવાય છે. આ સત્સંગની મોટપ એ છે કે, અહીં ખાલી પડી રહીશું તો પણ આપણી અંદરની સફાઈની પ્રોસેસ ચાલુ થઈ જશે. અને સંત સાથે આત્મીયતા હશે, તો તે પ્રોસેસ સમજાવશે અને તેમનું મનાશે તો શાંતિ રહેશે. સમાજ અને સત્સંગમાં વ્યવહાર વિષય ઉપર માર્ગદર્શન આપતાં પૂ.મગનબાપાના (સુરત) સત્સંગમાં આર્થિક વ્યવહાર વખતે આધ્યાત્મિક સમજણ રાખેલી તેની માર્મિક વાત કરી. કોઈ પણ સંજોગોમાં અભાવ ન આવવો જોઈએ. સાથે કહ્યું કે આવી શિબિરો નિયમિત થવી જ જોઈએ અને અઠવાડિક સભા એ આપણો પાયો છે. તેમાં આપણી નિયમિત હાજરી હોવી જ જોઈએ.

**ગુણાતીત પ્રકાશ પૂ.જીતુભાઈએ** મહારાષ્ટ્રમાં નામદેવ નામના એક સંત થઈ ગયા, તેમના બાળપણની વાત કરતાં કહ્યું કે સાચા હૃદયથી પ્રાર્થના કરીએ તો ભગવાન આપણી પ્રાર્થના સાંભળે જ છે. સાથે આપણા ભાગે આવતી સેવા મહિમાથી અને ગરજુ થઈને કરવી.

**ગુરુહરિ પપ્પાજી મહારાજે** આશીર્વાદ વરસાવ્યા કે દરરોજ પ્રાર્થના કરવી કે, હે પ્રભુ ! મારી હરેક પળ પ્રભુ! તારામાં ખોવાયેલી રહે. ધામ, ધામી ને મુક્તની નિષ્ઠા પાકી કરવી. આપણો સત્સંગ સમાજ બ્રહ્મનિયંત્રિત છે, તેથી કોઈનાય દોષ દેખાય તો ભજન કરવા મંડી પડીએ. આપણે પરિણામવાદી થવું. સર્વોપરી ભગવાન મળ્યા છે, તો પ્રાપ્તિ કરી જ લેવી છે.

**આશીર્દાન પ.પૂ. દીદી :** તમારા બધાના દર્શને ખૂબ આનંદ થાય છે. તમે બધા દેહે કરીને સાજા રહો અને મને કરીને માહાત્મ્યમાં રહો તેવી આજે મારાથી પ્રાર્થના થઈ ગઈ. આપણું અને બાળકોનું ચારિત્ર્ય શુદ્ધ રાખજો. શુદ્ધ ચારિત્ર્ય એ પાવર છે. બાળકોને ભણાવવામાં ધ્યાન આપીએ પણ શુદ્ધ ચારિત્ર્યમાં ખામી આવે તે જરાય ચલાવી ના લઈએ.

નિયમ પ્રમાણે જીવવું, પૂજા કરવી, વ્યસન હોય તો મૂકી દેવા. આર્થિક તકલીફ હોય તો પ્રાર્થના કરવી. જેમ આવકનો ૧૦મો-૨૦મો ભાગ સેવા માટે કાઢીએ છીએ તેમ આવરદાનો એટલે કે સમયનો ભાગ પણ કાઢવાનો. ઘરમાં ભગવાનનું જ્યાં સ્થળ હોય તેને મંદિર કહેવાય તેમ આપણા હૃદયમાં ભગવાનને રાખતા થઈ જઈએ તો આપણે જંગમમંદિર બની જઈએ. પપ્પાજી આપણને એકાંતિક બનાવવા માંગે છે. આપણા દોષની આપણને ખબર ના પડે તો ભગવાન બીજામાં રહીને બોલે ત્યારે તે સ્વીકારો. આપણે કંઈક પામવા માટે આવ્યા છીએ તો આ શિબિરમાંથી કંઈક લઈને જઈએ.

શિબિરના દરેક સત્રમાં યુવાન મુક્તોએ શિબિર સમીક્ષારૂપે પોતાના વિચારો રજૂ કર્યા. જેમાં પૂ.શ્રેયભાઈ સુરત, પૂ.લાલજીભાઈ ખેરગામ, પૂ.ઝાલાસાહેબ વિદ્યાનગર, પૂ.પ્રીતભાઈ શાહ વડોદરા, પૂ.મિતેશભાઈ અમદાવાદ, પૂ.હર્ષદભાઈ વડોદરા, પૂ.અનિશભાઈ વિદ્યાનગર, પૂ.વિજયભાઈ હાલોલ પૂ.નિર્મળભાઈ રાજકોટ, પૂ.વિજયભાઈ જોશી નરોડા, પૂ.મિલનભાઈ રાજકોટ વગેરે મુક્તોએ એક વિદ્યાર્થીની જેમ દરેક વક્તવ્યમાંથી પોઈન્ટ નોટ કર્યા. એક જ્ઞાનીની જેમ તેના પર મનન-ચિંતન કરી, આદર્શ સત્સંગીની જેમ તેને પોતાના જીવન સાથે જોડી પોતાના અનુભવો વહાવ્યા અને એક સાધકની જેમ આદર્શ જીવન જીવવાની પ્રતિજ્ઞાઓ લીધી. અને અંતે એક ભક્તની જેમ આવી શિબિરો અવારનવાર કરવાની પ્રાર્થનાઓ પણ કરી.

અંતમાં, પ.પૂ.દીદીબાએ વિશેષપણે ગુણાતીત પ્રકાશના ભાઈઓને ખૂબ રાજી થકા સ્ટેજ પર બોલાવી પ્રસાદ આપ્યો. તેમજ સૌ શિબિરાર્થીઓ માટે પણ પ્રસાદ અને ખિસ્સાના ઠાકોરજીની મૂર્તિ લાવ્યા જે સ્મૃતિ ભેટ શિબિર સમાપને પ્રકાશ સ્વરૂપ પૂ.વિરેનભાઈ, પૂ.ઈલેશભાઈ, પૂ.સુરેશભાઈ, પૂ.પીયૂષભાઈ, પૂ.મહેન્દ્રભાઈ અને પૂ.નંદુભાઈના હસ્તે સૌ શિબિરાર્થીઓને આપી.

### નિર્ણય

★ એકાદશી :
નિજ જેઠ સુદ-૧૧, ગુરુવાર, તા.૨૫.૬.૨૦૨૬

★ એકાદશી :
નિજ જેઠ વદ-૧૧, શનિવાર, તા.૧૧.૭.૨૦૨૬

### બ્રહ્મલીન

**★ ગુણાતીત જ્યોતના વ્રતધારી સાધક પૂજ્ય જશવંતીબેન ઝાટકીયા તા.૨૦.૫.૨૦૨૬ના બ્રહ્મલીન થયાં છે.**



માણાવદરના નિષ્ઠાવાન સત્સંગપ્રધાન જીવન જીવતા પૂ.રળીબેન ભગવાનજીભાઈના ઘરે જશીબેનનો જન્મ થયો. તેથી નાનપણથી જ સ્વામિનારાયણ ધર્મના સંસ્કાર મળતા રહ્યાં. માણાવદરમાં થતી બાલિકા, કિશોરી, યુવતી મંડળની સભામાં જતાં. સત્સંગ એ જ જીવન. આરતી, થાળ, ધૂન, ભજનના સહજ હેવા હતાં. સભામાં જે મુખપાઠ કરવા આપે તે મોંઢે કરીને તે બોલતાં બોલતાં રોજિંદી ક્રિયાઓ કરતાં. એક વખત પ.પૂ.જ્યોતિબેન અને પૂ.હંસાબેન કંપાલા માણાવદર પધારેલાં. તો તેઓને જ્યોતિબેન અને હંસાબેન પ્રત્યે આત્મીયભાવ થયો. ને તેઓની અમીદ્રષ્ટિમાં જશીબેન આવી ગયાં.

માણાવદર જ્યોતની સ્થાપના થઈ ત્યારે ત્યાં પ.પૂ.તારાબેન રહેતાં. જશીબેન દરરોજ જ્યોતમાં સેવા કરવા જતાં. ખૂબ મહિમાથી સેવા કરતાં. તો એક દિવસ તારાબેને કહ્યું કે, 'તું હવે ઘરે ના જઈશ. અહીં જ રહેજે. હું જ્યારે વિદ્યાનગર જઈશ ત્યારે તને લઈ જઈશ.' આમ તારાબેનની દ્રષ્ટિમાં પણ આવી ગયાં. ને તારાબેન જશીબેનને પોતાની સાથે જ્યોતમાં લઈ આવ્યાં. તેઓને ભગવાન ભજવા હતાં તો સેવા-સમાગમમાં એન્ટ્રી મળી ગઈ. જ્યોતિબેન, હંસાબેનની આજ્ઞામાં રહી, સ્વધર્મેયુક્ત જીવતાં. તો જ્યારે ૧૯૭૮માં ગુરુહરિ પપ્પાજી મહારાજને વડોદરા હૉસ્પિટલમાં દાખલ કર્યા ત્યારે જ્યોતિબેને જશીબેનને વીમુમાસીના ઘરે બહેનો રહેતાં તો સેવા માટે મોકલ્યાં. ખૂબ મહિમાથી સેવા કરી. પ.પૂ.દીદી અને ગુરુહરિ પપ્પાજી મહારાજ તેમજ બહેનોનો રાજીપો પ્રાપ્ત કરી લીધો. ઈ.સ.૧૯૮૦માં પપ્પાજી પોતાના કલ્યાણદાતા છે તેવી પ્રતીતિ થઈ તે પળથી જાગ્રત સાધક તરીકે જીવવાનું શરૂ કરી દીધેલું. તો ઈ.સ.૧૯૮૩માં પ.પૂ.સોનાબાની સેવામાં જ્યોતિબેને રાખ્યાં. સોનાબાની રુચિ પ્રમાણે પૂ.પુષ્પાબેન અમીન સાથે મહિમાથી સેવા કરી, સોનાબાના આશિષ મેળવ્યા. સોનાબાના સ્વધામગમન બાદ ઈ.સ.૧૯૯૫થી તેઓ પૂ.ધર્મિષ્ઠાબેન અમીન અને હંસાબેન કંપાલા સાથે ૧૮ વર્ષ માણાવદર સેન્ટર પર રહ્યાં. ધણી થઈને સેવા કરી. ત્યાર બાદ થોડો વખત મુંબઈ સેન્ટર પર રહ્યાં. ઈ.સ.૨૦૧૪થી જ્યોતિબેનની સેવામાં રહ્યાં. આમ તેઓની વફાદારી અને ચોકસાઈ ને મહિમાના ગુણે આવા ગુણાતીત સ્વરૂપોની સેવા તેમજ સેન્ટરની સેવા મળી તે પોતાના કલ્યાણની ગરજે કરી. તો થોડા વર્ષો પહેલા તેઓને મોટી બીમારી આવી પણ દેહ ને આત્મા નોખા રાખી દેહાતીત અવસ્થામાં જીવ્યાં છે. સ્વામિનારાયણ મંત્રરટણ ને ગુરુહરિ પપ્પાજી મહારાજ, સોનાબા, જ્યોતિબેન, હંસાબેનની સ્મૃતિસભર રહેતાં. હંમેશા તેમના ચહેરા પર સ્મિત રહેતું. એવા જશીબેન છેલ્લા અઢી મહિનાથી પથારીવશ હતાં. પણ તેઓનો આનંદ એવો ને એવો જ હતો. ખરેખર જીવનને ધન્ય કર્યું. જશીબેનને કોટિ કોટિ વંદન સાથે અંજલિ અર્પણ કરીએ છીએ.

તેઓના બે બહેનો પૂ.કુસુમબેન અને પૂ.રસીલાબેન ગુણાતીત જ્યોતમાં ઉત્તમ સાધક તરીકે જીવન જીવી રહ્યાં છે. તેમના ભાઈ પૂ.દીપકભાઈ અનુપમ મિશનની માણાવદર શાખામાં વ્રતધારી સાધક તરીકે પ્રભુનું કાર્ય કરી રહ્યા છે. બીજા ભાઈ પૂ.યોગેશભાઈ અને કંચનભાભી ને તેમનો આખો પરિવાર દ્રઢ નિષ્ઠાએ સત્સંગ પરાયણ જીવન જીવે છે. આખું કુટુંબ અક્ષરધામનું છે. તેઓ પણ સત્સંગમાં વૃદ્ધિ કરતાં રહે તેવી સૌ સ્વરૂપોને પ્રાર્થના.

### પ્રભુ સાંનિધ્યે બિરાજ્યા...

**★ વડોદરાના પૂ.કૈલાશબેન ધીરૂભાઈ ચૌહાણ તા.૨૦.૫.૨૦૨૬ના અક્ષરનિવાસી થયાં છે.**

પૂ. ભાનુબેન નટુભાઈ દત્તાણી, લંડન થકી કૈલાશબેનને સત્સંગનો જોગ થયો. ભાનુબેન ઈ.સ. ૧૯૭૦માં આફ્રિકાથી ભારત આવ્યા ને બરોડા ૧૦ વર્ષ રહ્યાં. ત્યાં બાજુમાં કૈલાશબેન તેમના કુટુંબસહિત રહેતાં. એકબીજાના ઘરે આવન જાવન કરતાં. એકવાર



પ.પૂ.બેન, પ.પૂ.જ્યોતિબેન ભાનુબેનના ઘરે બરોડા પધાર્યા હતા. ને તે વખતે ભાનુબેને કૈલાશબેનને દર્શન કરવા બોલાવ્યા અને સ્વરૂપોની ઓળખાણ કરાવી. કૈલાશબેન પ્રથમ દર્શને જ ભાવવિભોર થઈ ગયા. અને પછી તો બરોડા પૂ.વિમુબેનના ઘરે સભામાં ભાનુબેન સાથે જતાં. અને વિદ્યાનગર સમૈયામાં પણ આવતાં. પ.પૂ.બેન પાસે વર્તમાન ધરાવી કંઠી પહેરી અને ધીમે ધીમે કુટુંબીજનો પણ સત્સંગનો લાભ લેતા થયા. ભાનુબેન ઈ.સ. ૧૯૮૦માં લંડન ગયા પછી પણ કૈલાશબેન અને કુટુંબીજનો આજ સુધી એટલા જ માહાત્મ્યથી જીવી રહ્યાં છે. બરોડા મંડળની સભામાં અચૂક જતાં. બે વર્ષથી તેમની તબિયતના કારણે ઘરે પ્રભુભક્તિ કરતાં. કૈલાશબેન ખૂબ પ્રેમાળ ને રંગીલા. બહેનો ઘરે આવે તો પોતે ભજન ગાવા લાગે, નાચવા માંડે તેટલો હરખ. ખરેખર તેમના જીવન ને વર્તનથી તેમના બંને દીકરા, પુત્રવધુઓ અને બાળકો સૌને સત્સંગના માર્ગે વાળ્યા. ને પોતે શાંતિથી અક્ષરધામનું સુખ ભોગવતા થકાં ધામમાં બિરાજી ગયા. તેમના આત્માને શાંતિ મળે, કુટુંબીજનોને ખૂબ બળ મળે એવી ગુરુહરિ પપ્પાજી મહારાજ અને પ.પૂ.બેનના ચરણોમાં પ્રાર્થના.

**★ સુરતના પૂ.પ્રદીપભાઈ પટેલ તા.૨૪.૫.૨૦૨૬ના અક્ષરનિવાસી થયા છે.**

પૂ.પ્રદીપભાઈનું જીવન ખૂબ ભક્તિભાવભર્યું હતું. રોજ મંદિરે દર્શને જાય, ભગવાનના દર્શન, દીવા, આરતી વગેરેનો લાભ લે. પૂ.તરૂબેનને ગુરુપદે રાખી, તેમની આજ્ઞામાં રહેતા. જ્યારે સુરત જ્યોતની સ્થાપના થઈ ત્યારે તેમણે ને તેમના પરિવારજનોએ તન, મન, ધનથી સુરત જ્યોતની સેવા ભક્તિભાવથી કરી. પપ્પાજી મહારાજ સુરત પધારે ત્યારે તેમના બા દહીં, છાશ, રોટલા લઈને આવે. ને બાપુજી તેમની ગાડીમાં પપ્પાજીને જ્યાં જવાનું હોય ત્યાં લઈ જતા. આવી સેવા કરનાર કુટુંબીજનોને આ આઘાત સહન કરવાનું બળ મળે તે જ સ્વામીશ્રીજી અને ગુરુહરિ પપ્પાજી મહારાજના ચરણોમાં પ્રાર્થના.



**★ વડેરા - સૌરાષ્ટ્રના પૂ.લાભુબેન ગોગનભાઈ માંગરોલિયા તા.૬.૬.૨૦૨૬ના અક્ષરનિવાસી થયાં છે.**



પૂ.લાભુબેન ઈ.સ.૧૯૮૦થી સત્સંગમાં પ.પૂ.જસુબેનને ગુરુપદે રાખીને, ગુરુહરિ પપ્પાજી મહારાજની ગુરુહરિ પદે નિષ્ઠા રાખીને જીવ્યાં. ૧૯૮૦થી આજ દિન સુધી સાંકરદાથી બ્ર.સ્વ.અક્ષરવિહારી સ્વામીજીના સંતો, ગુણાતીત જ્યોતમાંથી પ.પૂ.જસુબેન કે કોઈપણ સંત બહેનો કે જ્યોત સેન્ટર પરથી સંત બહેનો પધારે ત્યારે તેમનો ઉતારો પોતાના નિવાસ સ્થાને રાખી, સરભરા કરી, વડેરા મંડળના હરિભક્તોને સત્સંગનો લાભ અપાવતા. સ્વભાવે મિતભાષી અને સેવાભાવી હતાં તો મંડળના મુક્તોમાં સેવાનું માહાત્મ્ય ગાઈને અનાજ, મગફળીની સેવા ઉઘરાવીને સંતોની સેવા કરાવી લેતાં.

તેઓ આપણા પૂ.બેચરભાઈના મોટા ભાભી થાય અને પૂ.સંગીતાબેન, પૂ.હંસાબેન સુખડિયાનાં મામી થાય. તેમને ચાર દીકરા – પૂ.રમેશભાઈ, પૂ.અરવિંદભાઈ, પૂ.મુકેશભાઈ અને પૂ.દીપકભાઈ બધામાં સેવાનું માહાત્મ્ય રેડ્યું છે. જેથી પૂ.મુકેશભાઈ અને પૂ.દીપકભાઈ તો દરેક સમૈયામાં ઈલેક્ટ્રીકની કે બીજી જે સેવા હોય તેમાં ખડે પગે તૈયાર જ રહ્યા છે અને રહે છે. પુણ્યની કમાણી કરી સ્વરૂપોનો રાજીપો મેળવી રહ્યા છે. એવો સત્સંગનો વારસો પરિવાર જનોને આપતા ગયાં. સમગ્ર પરિવારને ખૂબ બળ મળે એવી પ્રભુચરણે યાચના. આવી જબરજસ્ત ચૈતન્ય જનનીને અંતરથી અનંત વંદના.

**★ અમદાવાદના અનન્ય નિષ્ઠાવાન, જેના હૃદયમાં ભક્તિની, માહાત્મ્યની ધારા જ વહેતી તેવા પૂ.બિંદુબેન સુનીતભાઈ ભટ્ટ તા.૧૦.૬.૨૦૨૬ના અક્ષરનિવાસી થયાં છે.**

જે દિવસથી ગુરુપદે પ.પૂ.જસુબેનને સ્વીકાર્યા અને ગુરુહરિ પપ્પાજી મહારાજે ઠંડીમાં કાળી શાલ ગ્રહણ કરી અંતરનો અંધકાર દૂર કર્યો ત્યારથી આજ દિન સુધી માહાત્મ્ય અને સમજણપૂર્વકનું જીવન જીવ્યાં. સમાગમ અને જતન મેળવતાં રહ્યાં. કેવળ દિવ્યભાવ. કોઈ અપેક્ષા જ નહીં. બસ ગુરુહરિનું માહાત્મ્ય અને સામર્થીની અનુભૂતિ થઈ તો ગુરુવચને અંતરથી એક જ આધાર રાખી, ગરજ રાખી, આત્મબુદ્ધિ ને પ્રીતિ અને પ્રાર્થનાના સહારે જીવ્યાં.



સૌનો ગુણ લેવાનો સ્વભાવ હતો. જે કાંઈ બને છે તે મારો પ્રભુ, મારા ગુરુ મારા સારા માટે, મને આધ્યાત્મિકતામાં આગળ લઈ જવા જ કરે છે. માટે કોઈ ફરિયાદ નહીં. સહેજ પણ મન ઝાંખું પડતું લાગે કે તરત જ જપયજ્ઞ અને મહાપૂજા પ્રાર્થનાનો ઉપાય લઈ, પ્રાપ્તિના કેફમાં આવી જતાં. સદાય હસતાં – હસાવતાં, મોળી વાતને કોઈ સ્થાન જ નહીં. આવડો મોટો પ્રભુ મળ્યો પછી આપણે શું ચિંતા ? એવી નિશ્ચિંતતા અનુભવતાં. ગૃહસ્થાશ્રમના પ્રત્યેક પ્રસંગે કેવળ પ્રભુનો જ આશરો લીધો છે. સુનીતભાઈના ખભેખભા મિલાવી અંતરમાં કેવળ પ્રભુ રાખી નિર્લેપ જીવન રાખીને દરેક ક્રિયા કરતાં.

દીકરી દીપા, પુત્રવધુ કામિની અને પૌત્રીઓ પૂ.રેના અને પૂ.કવિશા, દીકરા પૂ.વિરેનભાઈ, જમાઈ પૂ.સમીરભાઈ, દોહિત્ર નિસર્ગ તેમજ સમગ્ર પરિવાર અને સગા સંબંધીઓને બધાને પ્રત્યક્ષ સ્વરૂપનો મહિમા, સત્સંગમાં શ્રદ્ધા, વિશ્વાસ અને પ્રાર્થનાનું માહાત્મ્ય સમજાવી, પ્રભુનો આધાર લેતા કર્યા.

જે કોઈ સંબંધમાં આવે તેને પોતે જે પ્રાપ્ત કર્યું તે વહેંચ્યું. ખૂબ ખુલ્લા દિલે, પૂર્ણ નિષ્ઠાથી મહિમાગાન કરતાં. તેમની લેખિની પણ ખૂબ સુંદર હતી. તો ગુરુપૂર્ણિમાએ પદ્યમાં યાચના, માહાત્મ્ય લખીને આપતાં. તેઓ અજપાજપ ચાલુ જ રાખતા. અંતરમાં ખપ અને ગરજ રાખી ઓન-લાઈન થતી દર ગુરુવારની સભામાં અવશ્ય જોડાતા. ખરા શ્રુત થઈ, શબ્દો ઝીલતા. જ્યાં ગેડ ના બેસે ત્યાં અવશ્ય પૂછતા.

અંતિમ ઘડીએ બે હાથ જોડી જય સ્વામિનારાયણ કર્યા અને એ જ મુદ્રામાં દેહત્યાગ કર્યો. જાણે પ્રભુ કને હાથ જોડીને પ્રાર્થના કરી રહ્યા હોય કે 'તમારે શરણે આવું છું. આપ સ્વીકારો.' આવા અનેરા ચૈતન્ય જનનીને અંતરની માહાત્મ્ય અંજલિ.

## ENT check up Camp at Mumbai

Shree Gunatit Jyot Mahila trust, Vallabh Vidyanagar, conducted a free ENT check up Camp from 17th to 18th May, 2026 from 10.00 am to 5.00 pm at Dr. Tejal Thacker's Dental Clinic, Chikuwadi, Mumbai, supported by ENT, Head & Neck Cancer surgeon Dr. Nimesh Panchal of Anand.

ENT problems, that impact the ear, nose and throat can effect anyone at any age. There are many different ways that these parts of the body can be effected and some are easier to cope up with then others.

Most commonly screened diseases were impacted ear wax, deviated nasal septum, allergic rhinitis, hearing loss, sinus infection and acid reflux. 81 patients got benefited,ranging from children to the elderly, out of which 7 patients were referred for wax removal, 50% had problem of acid reflux. 22 participants were referred for Audiometry.

Each of the participant was given summary report and necessary medications.

The camp not only addressed immediate health concerns but also emphasized preventive healthcare by educating the community on proper nutrition, hygiene, and lifestyle management.

The resounding success of this medical camp was made possible through the generous support of P. Bhartiben Modi, P. Sureshbhai Gandhi & P. Nandubhai Vinchhi of Mumbai mandal who made all the necessary arrangements for this program and the tireless dedication of Dr.Nimesh Panchal, Audiologist of Sound Life Clinic, nurses, and local volunteers namely P. Vaibhviben Modh & P. Niravbhai Desai.The participants were very thankful to Shree Gunatit Jyot Mahila Trust for conducting this camp.



તા.૩૦મી મે, ૨૦૨૬ : પ.પૂ.દીદીના સ્વરૂપાનુભૂતિદિનની ઉજવણી...












પુષ્પવંદના અને માહાત્મ્યવંદના...














ભાવવંદના...




આશિષનું સુખ માણી રહેલ બાળવૃંદ અને ભક્તવૃંદ...












તા.૧લી જૂન, ૨૦૨૬ : સ્મૃતિમંદિરે ગુરુહરિ પપ્પાજી મહારાજના નૂતન મૂર્તિદર્શન...














બ્રહ્મવિહાર તીર્થધામનાં દર્શન...

To,

RNI NEW DELHI NO : 20485/71
PO REGD NO : G-AND-336/2025-27
Lic Valid Upto: 31.12.2027
DATE OF PUBLICATION :
21st of every month
DATE OF POSTING :
21st of every month
PLACE OF PUBLICATION (POSTED AT)
Vallabh Vidyanagar MDG 388120





સ્વામીશ્રીજી
ગુણાતીત સમાજની જય
મૂક્તાક્ષર પુરૂષોત્તમની જય
અમેરીકા
૧-૬-૯૩
સદા સેવકના –
૧લી જુનના આશીર્વાદ
પંચામૃત સર્વનું જીવન
બને ને
મારા જેવું જ સુખ
શાન્તી આનંદ જે
ત્રીકાળમાંય ગમે તેવા
સંજોગોમાંય ભેદાય નહી
તેવી જ્ઞાન સમાધિ સર્વમાં
રહે તેવા આશીર્વાદ
તમારાજ જન્મોજન્મના
પપ્પાના જય સ્વામિનારાયણ

આનંદના ફુવારા...(૨) રહે ઉભરાતા,
એવી કૃપા નાથ તું તો કરતો જા...
મહિમા કેરી ધારા...(૨) નાં નીર ઉછળતાં,
અખંડ રહે નાથ, એવું કરતો જા...
આનંદના ફુવારા...
જ્યોત થકી આજ જ્યોત જલે છે, સ્વામીને પ્રતાપે,
જ્ઞાનસમાધિમાં રહેવાયે, એવું કરી આપે,
બ્રહ્મકિરણ એવી પ્રગટાવે...(૨) સ્વભાવનાં તમ કાપે,
મૂર્તિના સવાદે...(૨) તારા આશીર્વાદે,
અંતર લઈ પ્રશાંત હું તો ચાલ્યો આજ...
આનંદના ફુવારા...

## ENT checkup camp at Mumbai














Editor, Proprietor, Publisher : Hemaben Bhatt
Publishing Place : Gunatit Jyot, Pappaji Marg, P.O.Box-23, Vallabh Vidyanagar-388120, Dist.Anand, Gujarat, India
Phone : 9998475765, Website : www.gunatitjyot.org, E-mail: prakashan@guntitjyot.org
Printer & Printing Place : Angatbhai J. Shah, Gujarat Press, Anand-388001, Gujarat, India